પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૨૬૧ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૭-૦૬-૨૦૨૩ મંગળવાર ● કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### આગામી ૪૮ કલાક મુંબઈ માટે ભારે!

## દેશના ઘણા વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદ,દેશના અનેક રાજ્યોમાં રેડ-ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું

નવીદિલ્હી,

દેશમાં ચોમાસું બેસી ગયું છે અને ૬ દાયકા પછી પહેલીવાર દિલ્હી અને મુંબઈમાં એકસાથે ત્રાટક્યું છે. હાલ દેશના ઘણા વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદ થયો છે. ગઈકાલે ચોમાસાના પ્રથમ વરસાદે પણ ઘણી જગ્યાએ ઘણી સમસ્યા સર્જી હતી. ક્યાંક ખડકોમાં તિરાડ પડી તો ક્યાંક રસ્તા પર પાણી જમા થયા તો વળી ક્યાંક અવિરત વરસાદને કારણે લોકોના ઘરને ભારે નુકસાન થયું છે.



જણાવી દઈએ કે દિલ્હી અને એનસીઆર ઉપરાંત હિમાચલ પ્રદેશમાં પણ વરસાદને કારણે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. મધ્યપ્રદેશના ૩ જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે તો આ સાથે જ ઓડિશાના ૧૩ જિલ્લા ઓરેન્જ એલર્ટ પર છે. હવામાન વિભાગ દ્વારા રાજધાની દિલ્હી માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે,હવામાન વિભાગનો અંદાજ છે કે ત્રણ દિવસોમાં દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેશે અને હળવો અથવા ગાજવીજ સાથે વરસાદની શક્યતા છે.

આઈએમડીનું કહેવું છે કે આગામી થોડા દિવસોમાં દિલ્હીમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. દિલ્હી પાસે આવેલા ગાઝિયાબાદ, નોઈડા, ફરીદાબાદ અને ગુરુગ્રામ સહિત દ્રઝઈના ઘણા ભાગોમાં યલો એલર્ટ પણ જારી કરવામાં આવ્યું છે. આ સાથે જ મુંબઈમાં પણ આગામી ૪૮ કલાકમાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે.

વરસાદને લઈને હવામાન વિભાગે કહ્યું કે ૨૮ જૂન સુધી મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાન સહિત કેટલાક રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે. મધ્યપ્રદેશના ત્રણ જિલ્લાઓ માટે 'રેડ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે, જ્યારે છત્તીસગઢ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, કેરળ, ઓડિશા, મેઘાલય અને આસામના કેટલાક જિલ્લાઓમાં 'યલો' અથવા 'ઓરેન્જ' એલર્ટ જારી કરવામાં આવ્યું છે. ઓડિશાના ૧૩ જિલ્લામાં આગામી ૨૪ કલાક માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ સાથે કેટલાક દરિયાકાંઠાના જિલ્લાઓને યલો એલર્ટમાં રાખવામાં આવ્યા છે.

હવામાન વિભાગનું કહેવું છે કે દક્ષિણ પશ્ચિમ ચોમાસું મુંબઈ, ઉત્તર પ્રદેશ, દિલ્હી, ગુજરાતના કેટલાક ભાગો, મધ્યપ્રદેશના બાકીના ભાગો, રાજસ્થાન, હરિયાણા, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશના મોટાભાગના ભાગો સહિત મહારાષ્ટ્રના બાકીના ભાગોમાં આગળ વધી ગયું છે. છત્તીસગઢ, પૂર્વ મધ્યપ્રદેશમાં આજે ભારેથી અતિ ભારે અને હજુ વધુ વરસાદની સંભાવના છે. જ્યારે પશ્ચિમ મધ્ય પ્રદેશ, પૂર્વ રાજસ્થાન, ઓડિશાના ભાગો, કોંકણ, ગોવા, મહારાષ્ટ્રના મધ્ય અને વિદર્ભ પ્રદેશોમાં ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા છે.

દરમિયાન ભારે વરસાદના લીધે હિમાચલ પ્રદેશ અને હરિયાણા જળબંબાકાર થઈ રહ્યા છે. તેના લીધે હિમાચલ પ્રદેશમાં કેટલાય સ્થળોએ ભૂસ્ખલન જોવા મળ્યું છે તો હરિયાણામાં મોટાપાયા પર નદીઓમાં પાણી આવતા રીતસરના પૂર જોવા મળ્યા છે. તેના લીધે જનજીવન ખોરવાઈ ગયુ છે. શહેરોના શહેરોમાં પાણી ભરાઈ ગયા છે, જાણે શહેરો સમુદ્ર પર તરતા હોય તેમ ભાસે છે. કેટલાય શહેરો વરસાદથી બેહાલ થઈ ગયા છે.

હરિયાણાના પંચકુલામાં કાળઝાળ ગરમીથી ત્રસ્ત વાદળો એવી રીતે વરસ્યા કે જ્યાં જ્યાં ખેતરો, કોઠાર કે ખેતરો હતા તે તમામ જગ્યાઓ તળાવ બની ગઈ હતી. વાવાઝોડાની સ્પીડ એટલી હતી કે કાર પણ તણાઈ ગઈ હતી. તેમાં સવાર લોકો ફસાઈ ગયા હતા. લોકોને બચાવી લેવાયા હતા. આ કારમાં એક મહિલા હાજર હતી. બચાવકર્તાઓ માટે આ મિશન સરળ નહોતું. ત્યારથી, પાણીનો પ્રવાહ એટલો ઝડપી હતો કે તેને સંતુલિત કરવું મુશ્કેલ બની રહ્યું હતું.

### ૬ દાયકા પછી પહેલીવાર ચોમાસું દિલ્હી અને મુંબઈમાં એકસાથે ત્રાટક્યું, હિમાચલ પ્રદેશમાં અને હરિયાણામાં ભારે વરસાદના લીધે બધુ જળબંબાકાર

પંચકુલા પાસે એક મહિલા તેના પરિવાર સાથે Heavy rain ઘગ્ગર નદીની પૂજા કરવા આવી હતી. કાર નદી કિનારે પાર્ક કરી હતી. નદીમાં અચાનક પાણી આવી જતાં પરિવારના બાકીના સભ્યો કારની બહાર હતા. બસ મહિલા કારની અંદર હતી. પરિવારની નજર સામે જ આ મહિલા કાર સાથે નદીમાં વહેવા લાગી. મહિલાને બચાવવા માટે રેસ્ક્યુ ટીમે પહેલા પોતાની જાતને દોરડાની મદદથી બાંધી, પછી એક વ્યક્તિ કારની અંદર ગયો અને મહિલાને દોરડાથી બાંધીને બહાર કાઢી. મહિલાને સુરક્ષિત રીતે બચાવી લેવાયા બાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે.આ ઘગ્ગર નદીનો કહેર પંચકુલાના સેક્ટર ૨૭માં પણ જોવા મળ્યો હતો. અહીં લોકો નદી પાર કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ પ્રવાહમાં વહેવા લાગ્યા. માહિતી મળતાં જ દ્રઙ્ઘઈહ્વની ટીમ પહોંચી ગઈ અને બચાવ કામગીરી શરૂ કરી દીધી.

હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં પણ વરસાદનો કહેર જોવા મળ્યો છે. હિમાચલ પ્રદેશના અનેક શહેરો પર કુદરતે તબાહી મચાવી છે. શિમલા, મંડી, સોલન અને કુલ્લુમાં સતત ભૂસ્ખલન સાથે ભારે વરસાદને કારણે વિનાશ સર્જ્યો છે. સ્થિતિ એવી છે કે ઘણી જગ્યાએ રસ્તો બંધ કરી દેવામાં આવ્યો છે. ઘણી જગ્યાએ જીવ જોખમમાં છે. ઉત્તરાખંડની પણ આવી જ હાલત છે. ત્યાં નદીઓ Heavy rain કાંઠા તોડીને વહેવા લાગી છે.

શિમલામાં ઘણા વિસ્તારોમાં જબરદસ્ત ભૂસ્ખલન થયું છે. વૃક્ષો પડી ગયા છે. ઘણી જગ્યાએ કાટમાળ નીચે કાર દટાઈ ગઈ છે. મંડીમાં એટલો વરસાદ પડ્યો છે કે શહેર જળબંબાકાર થઈ ગયું છે. મેદાનો, ખેતરો, દુકાનો, મકાનો, બધે જ પાણી ભરાઈ ગયા છે. પહાડો પાણીના ઉછાળાને કારણે બજારમાં ઘુસ્યા હતા. લોકો ફસાઈ ગયા હતા, જેને ઘણી મહેનત બાદ બહાર કાઢી શકાયા હતા.

## ગુજરાતમાં ૨૪ કલાકમાં ૧૨૫ તાલુકામાં થઈ મેઘમહેર, સૌથી વધુ વલસાડના ઉમરગામ તાલુકામાં ૫ ઈંચથી વધુ વરસાદ

ગાંધીનગર,

ચોમાસાનો પ્રારંભ થવાની સાથે જ ગુજરાતમાં ૨૪ કલાકમાં ૧૨૫ તાલુકામાં વરસાદ વરસ્યો છે. જેમાંથી ૨૫ તાલુકામાં એક ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે. સૌથી વધુ વલસાડના ઉમરગામ તાલુકામાં ૫.૫ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. ભાવનગરના ઘોઘામાં ૩ ઈંચ વરસાદ ખાબક્યો છે. પાટણ અને વેરાવળમાં પોણા બે ઈંચ વરસાદ નોંધાયો છે. તો ભરૂચમાં ૨ ઈંચ, સાયલામાં ૨ ઈંચ, ધોરાજીમાં ૨ ઈંચ વરસાદ ખાબક્યો છે.



અમરેલીમાં ૨ ઈંચ, બરવાળામાં ૨ ઈંચ, વેરાવળમાં ૨ ઈંચ વરસાદ ખાબક્યો છે. ભાવનગરમાં ૧.૫ ઈંચ, માંગરોળમાં ૧.૫ ઈંચ, વાપીમાં ૧.૫ ઈંચ વરસાદ વરસ્યો છે. સૂત્રાપાડામાં ૧.૫ ઈંચ, કોડીનારમાં ૧.૫ ઈંચ, અંકલેશ્વરમાં ૧.૫ ઈંચ વરસાદ ખાબક્યો છે.

અત્યાર સુધીમાં ગુજરાતમાં વરસેલા વરસાદની વાત કરીએ તો કચ્છ જિલ્લામાં ૬૩.૬૨ ટકા વરસાદ નોંધાયો છે. બનાસકાંઠા જિલ્લામાં ૩૬.૨૭ ટકા વરસાદ વરસ્યો છે. તો સૌરાષ્ટ્રમાં ૧૮.૪૮ ટકા વરસાદ નોંધાયો છે. દક્ષિણ ગુજરાતમાં ૨.૧૬ ટકા વરસાદ પડયો છે. વાવણીલાયક વરસાદથી ગુજરાતના ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે.

ચોમાસાનું આગમન થવાની સાથે જ આગામી પાંચ દિવસ સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને કચ્છમાં ભારે વરસાદની આગાહી છે. ગુજરાતમાં કેટલાક વિસ્તારમાં ભારેથી અતિભારે વરસાદ રહેશે. તો ૨૬ જૂને સુરત, ભરૂચ, ગીર સોમનાથમાં ભારે વરસાદ પડશે. ૨૭ જૂને વડોદરામાં ભારેથી અતિભારે વરસાદ થવાની આગાહી છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારમાં ભારે વરસાદ થવાની આગાહી છે. તો ૨૮ જૂને સુરતમાં ભારેથી અતિભારે વરસાદ પડશે.

૨૬ જૂને સુરત, ભરૂચ, ગીર સોમનાથમાં ભારે વરસાદ પડી શકે છે. ૨૭ જૂને વડોદરામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. આ સિવાય ભારે વરસાદ ૨૭ તારીખે છોટાઉદેપુર, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી સાથે દમણ અને દાદરાનગર હવેલીમાં પડશે. સૌરાષ્ટ્રમાં ભાવનગરમાં પણ વરસાદ થશે. તો ૨૮ જૂને સુરતમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે.

૨૮ જૂને ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ અને દાદરાનગર હવેલીમાં ભારે વરસાદ થશે. સાથે જ અમરેલી અને ભાવનગરમાં પણ ભારે વરસાદ પડશે. વાત ૨૯ જૂનની કરીએ તો વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, દમણ અને દાદરાનગર હવેલીમાં ભારે વરસાદ થશે અને સૌરાષ્ટ્રમાં પોરબંદર, જૂનાગઢ અને ગીર સોમનાથમાં વરસાદ થશે. આગામી પાંચ દિવસ સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ રહેશે.

## મણિપુરમાં બદમાશોના ૧૨ બંકર નષ્ટ, હિંસા ભડકાવતા ૧૩૫ની ધરપકડ

ઈમ્ફાલ,

મણિપુરમાં ફાટી નીકળેલી હિંસાને હવે બે મહિના જેટલો સમય થવા આવ્યો છે, પરંતુ સ્થિતિ હજુ પણ તેમની તેમ જ છે. હજુ પણ ઘણા વિસ્તારોમાંથી હિંસાના અહેવાલો આવી રહ્યા છે. તાજેતરમાં એક મંત્રીના ગોડાઉનમાં કેટલાક ઉગ્રવાદીઓ દ્વારા આગ લાગાવવામાં આવી હતી, જ્યારે કેટલાક વિસ્તારોમાં ૨-૩ દિવસ સુધી ગોળીબાર ચાલુ રહ્યો હતો. ત્યારે છેલ્લા ઘણા સમયથી સુરક્ષા દળો બદમાશોને કાબુ કરવાનો પ્રયાસ કરી રહી છે. ત્યારે આ પ્રયાસ હેઠળ, મોડી રાત સુધીમાં સુરક્ષા દળોએ બદમાશોના ૧૨ બંકરો નષ્ટ કર્યા હતા. અપરાધીઓએ હિંસા પ્રભાવિત વિસ્તારોમાં આ બંકરો બનાવ્યા હતા. આ બાબતે એક નિવેદન જાહેર કરીને મણિપુર પોલીસે કહ્યું કે રાજ્ય પોલીસ અને કેન્દ્રીય દળે સંયુક્ત રીતે તામેનલોંગ, પૂર્વ ઈમ્ફાલ, બિષ્ણુપુર, કાંગપોકપી, ચુરાચંદપુર અને કાકચિંગ જિલ્લામાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું અને આ ઓપરેશન મુજબ બદમાશોના ૧૨ બંકરો નષ્ટ કરવામાં આવ્યા હતા.

સર્ચ ઓપરેશન દરમિયાન સાહુમફાઈ ગામના ડાંગરના ખેતરમાંથી પોલીસના જવાનોને ત્રણ ૫૧ એમએમ મોર્ટાર અને ત્રણ ૮૪ એમએમ મોર્ટાર શેલ મળી આવ્યા હતા. આ ઉપરાંત કાંગવાઈ અને એસ કોટલિયા ગામની વચ્ચે ડાંગરના ખેતરમાંથી પણ એક આઈઈડી મળી આવ્યો છે.

હિંસા બાદથી મણિપુરની સ્થિતિ તંગ છે ત્યારે ગઈકાલના ઓપરેશન પહેલા પોલીસના જણાવ્યા અનુસાર કર્ફ્યુ ઉલ્લંઘન, ચોરી અને આગચંપીના મામલામાં ૧૩૫ લોકોની ધરપકડ કરવામાં આવી છે. મણિપુરમાં હિંસા ફાટી નીકળ્યા બાદ અત્યાર સુધીમાં ૧૧૦૦ હથિયાર, ૧૩૭૦૨ દારૂગોળો, ૨૫૦ વિવિધ પ્રકારના બોમ્બ મળી આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧૧૦૦ હથિયાર, ૧૩૭૦૨ દારૂગોળો અને વિવિધ પ્રકારના ૨૫૦ બોમ્બ મળી આવ્યા છે. હાલમાં અનેક વિસ્તારોમાં ફ્લેગ માર્ચ અને સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. પોલીસનું કહેવું છે કે સ્થિતિ તંગ છે પરંતુ કેટલીક જગ્યાએ સ્થિતિ નિયંત્રણમાં છે. કેટલીક જગ્યાએ છૂટાછવાયા બનાવો બન્યા છે પરંતુ મોટાભાગના જિલ્લાઓમાં સ્થિતિ સામાન્ય છે.

પોલીસે પણ સામાન્ય લોકોને રાજ્યમાં શાંતિ પુનઃસ્થાપિત કરવામાં સહકાર આપવા અપીલ કરી છે. પોલીસે કહ્યું છે કે મણિપુરને લઈને અનેક પ્રકારની અફવાઓ ફેલાવવામાં આવી રહી છે. આવી સ્થિતિમાં, પહેલા સેન્ટ્રલ કંટ્રોલ રૂમ નંબર ૯૨૩૩૫૨૨૮૨૨ પર ફોન કરીને કોઈપણ સમાચારની ચકાસણી કરો. જો તેની સાથે કોઈ હથિયાર અને દારૂગોળો મળી આવે, તો તેને તરત જ પોલીસને પરત કરો.

## રાજધાની દિલ્હીના લોકોને વીજળીનો જોરદાર આંચકો લાગ્યો, કિંમતોમાં ૧૦ ટકા સુધીનો વધારો થશે

નવીદિલ્હી,

દેશની રાજધાની દિલ્હીમાં રહેતા લોકોને મોંઘવારીનો આંચકો લાગી શકે છે. વાસ્તવમાં, રાષ્ટ્રીય રાજધાનીમાં વીજળી મોંઘી થઈ શકે છે. દિલ્હી ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશનએ પાવર પરચેઝ એગ્રીમેન્ટ પર દર વધારવાની મંજૂરી આપી છે. દિલ્હીમાં વીજળી ૧૦ ટકા મોંઘી થઈ શકે છે. બોમ્બે સબર્બન ઈલેક્ટ્રિક સપ્લાય (બીએસઈએસ) એ પાવર ખરીદી અંગે ડીઈઆરસીને અરજી કરી હતી, જેને મંજૂરી આપવામાં આવી છે. જો કે આ અંગે અંતિમ નિર્ણય દિલ્હી સરકાર લેશે. સરકારે નક્કી કરવાનું છે કે આ વધેલા દરને વીજળીના બિલમાં સામેલ કરવામાં આવશે કે નહીં. આ પહેલા પણ જ્યારે પાવર પરચેઝ એગ્રીમેન્ટના દરમાં વધારો થયો છે ત્યારે સરકારે વીજ કંપનીઓને ખર્ચ જાતે ઉઠાવવા જણાવ્યું હતું. તે છતા લોકોના બિલમાં કોઈ ફરક પડ્યો ન હતો. અહેવાલો અનુસાર, દક્ષિણ દિલ્હી, પશ્ચિમ દિલ્હી, નવી દિલ્હી, જૂની દિલ્હી અને દિલ્હીના ટ્રાન્સ યમુના વિસ્તારમાં રહેતા લોકો વીજળી વધારાથી પ્રભાવિત થશે. તેની સાથે એનડીએમસી એટલે કે નવી દિલ્હી વિસ્તાર પણ પ્રભાવિત થશે. જેઓ બીવાયપીએલ દ્વારા વીજળી લઈ રહ્યા છે તેમણે ૯.૪૨% વધારાના ટેરિફ ચૂકવવા પડશે. તે જ સમયે, જેઓ બીઆરપીએલ ઉપભોક્તા છે, તેઓએ ૬.૩૯ ટકા વધુ વીજળી બિલ ચૂકવવું પડશે. આ સિવાય જે લોકો એનડીએમસી વિસ્તારોમાં રહે છે તેમને માત્ર ૨% ટેક્સ ચૂકવવો પડશે. આ કંપનીઓએ ગયા વર્ષે કમિશનને લખેલા પત્રમાં વધારો કરવાની માંગ કરી હતી. તમને જણાવી દઈએ કે જે વિસ્તારોમાં ટાટા પાવર દિલ્હી ડિસ્ટ્રિબ્યુશન લિમિટેડ વીજળી પૂરી પાડી રહી છે, માત્ર એવા લોકોને જ રાહત છે, કારણ કે ટાટાએ વીજળી વધારી નથી. ટાટા દિલ્હીના કેટલાક વિસ્તારોમાં વીજળી પૂરી પાડે છે.

**નામ બદલેલ છે.**

મારું જૂનું નામ પટેલ ખુશી વિજય કુમાર હતું જે બદલી નવું નામ પટેલ ખુશીબેન વિજયભાઈ કરેલ છે.
એડ્રેસ : 88 વસંત વિહાર 2, ગોવિંદ રોડ ગોધરા.

## ૨૦૦૦ની નોટો પાછી ખેંચવાની અર્થવ્યવસ્થા પર કોઈ અસર નથી : RBI ગવર્નર

મુંબઈ,

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું કે ૨૦૦૦ રૂપિયાની નોટો પાછી ખેંચવાથી અર્થતંત્ર પર કોઈ નકારાત્મક અસર થઈ નથી. ગયા મહિને ૧૯મીએ કેન્દ્રીય બેંક દ્વારા ૨૦૦૦ રૂપિયાની નોટો પાછી ખેંચવાની જાહેરાત કરવામાં આવી હતી. આરબીઆઈ ગવર્નરે કહ્યું કે હું સ્પષ્ટપણે કહેવા માંગુ છું કે ૨૦૦૦ રૂપિયાની ચલણી નોટો ચલણમાંથી પાછી ખેંચવાથી ભારતીય અર્થવ્યવસ્થા પર કોઈ નકારાત્મક અસર પડી નથી. તમને જણાવી દઈએ કે, તમારી પાસે ૨૦૦૦ની નોટ બદલવા માટે આરબીઆઈ દ્વારા ૩૦ સપ્ટેમ્બર સુધીની તારીખ નક્કી કરવામાં આવી છે. કોઈપણ વ્યક્તિ વધુમાં વધુ ૧૦ નોટો મેળવી શકે છે એટલે કે રૂ. ૨૦૦૦૦ એક સમયે એક્સચેન્જ કરી શકે છે. જો કે, બેંક ખાતામાં જમા કરાવવાની કોઈ મર્યાદા નથી. આ માટે કોઈ ફોર્મ કે સ્લિપ ભરવાની જરૂર નથી. ગવર્નરે કહ્યું કે ભારતીય અર્થવ્યવસ્થા સામે હાલમાં બેથી ત્રણ મોટા પડકારો છે. પ્રથમ - આંતરરાષ્ટ્રીય બજારમાં અસ્થિરતા, બીજું - ચોમાસા દરમિયાન અલ નીનોની અસર અને ત્રીજું - હવામાન સંબંધિત ઘટનાઓ, જેની અસર દેશમાં ખાદ્ય ચીજોના ભાવ પર પડે છે. દાસે કહ્યું કે વ્યાજદરનો સીધો સંબંધ ફુગાવા સાથે છે. મે ૨૦૨૨થી મોંઘવારી પર અંકુશ મેળવવા માટે રેપો રેટમાં ૨.૫ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. જેના કારણે એપ્રિલ ૨૦૨૨માં ફુગાવો ૭.૮ ટકા હતો. મે ૨૦૨૩માં તે ઘટીને ૪.૨૫ ટકા થઈ ગયો છે. અમારું લક્ષ્ય મોંઘવારી દરને ૪ ટકા અથવા તેનાથી નીચે લાવવાનું છે.

## LOC પર ભારત વિરુદ્ધ પાકિસ્તાની સેનાને મજબૂત કરી રહી છે

નવીદિલ્હી,

ચીન ભારત વિરુદ્ધ પોતાના નાપાક ઈરાદાઓથી ખસી રહ્યું નથી. હવે સમાચાર આવી રહ્યા છે કે તે પાકિસ્તાનની સેનાને મજબૂત કરવામાં લાગેલો છે. આ કેસ સાથે જોડાયેલા અધિકારીઓએ કહ્યું છે કે ચીન પાકિસ્તાનને માનવરહિત હવાઈ શસ્ત્રો અને લડાયક હવાઈ વાહનો પ્રદાન કરી રહ્યું છે. આટલું જ નહીં, નિયંત્રણ રેખા (એલઓસી) નજીક નેટવર્ક પ્રદાન કરવા માટે કમ્યુનિકેશન ટાવર અને ભૂગર્ભ કેબલ નાખવામાં ચીન પાકિસ્તાનને મદદ કરી રહ્યું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ચીન આ બધું પાકિસ્તાન માટે કરી રહ્યું છે જેથી તે ભારત સાથેની સરહદો પર પાકિસ્તાનને વધુ મજબૂત કરી શકે. તેનાથી ચીનને ફાયદો થશે કે તે પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં પોતાની પકડ મજબૂત કરશે. વાસ્તવમાં, ચીન પીઓકેમાં તેના વધતા વિસ્તારોને બચાવવા અને પ્રભાવ સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. તે જ સમયે, ચીનની મહત્વાકાંક્ષી સીપીસી એટલે કે ચીન પાકિસ્તાન કોરિડોર પણ પીઓકેમાંથી ઉભરી રહ્યો છે. ચીન ભારત સાથે જોડાયેલા તમામ સરહદી વિસ્તારો પર પોતાની પકડ મજબૂત કરવા માટે તમામ પ્રયાસ કરી રહ્યું છે. આમાં પાકિસ્તાન તેનો જૂનો મિત્ર છે. અધિકારીઓએ કહ્યું છે કે તાજેતરમાં વિકસિત જીૐ-૧૫૫ અને ૧૫૫ એમએમ ટ્રક માઉન્ટેડ હોવિત્ઝર બંદૂકો જે પાકિસ્તાન ડે પર પ્રદર્શિત કરવામાં આવી હતી, તે ભારત સાથે એલઓસી પર તૈનાત જોવા મળી છે. આનો સીધો અર્થ એ થયો કે ચીન પાકિસ્તાનને મદદ કરી રહ્યું છે અને તેને અત્યાધુનિક શસ્ત્રો પણ આપી રહ્યું છે. લંડન સ્થિત ડિફેન્સ મેગેઝિન અનુસાર, પાકિસ્તાને ચીન પાસેથી આધુનિક હથિયારો મેળવવા માટે કોન્ટેક્ટ પર હસ્તાક્ષર કર્યા છે. રિપોર્ટ અનુસાર, પાકિસ્તાને ૨૩૬ એસએચ-૧૫ની સપ્લાય માટે ચીનની ફર્મ નોર્થ ઈન્ડસ્ટ્રીઝ ગ્રુપ કોર્પોરેશન લિમિટેડ (નોરિંકો) સાથે કરાર કર્યો છે. આ કોન્ટ્રાકટ શૂટ એન્ડ સ્કૂટ તરીકે ઓળખાતા આર્ટિલરી વેપન માટે કરવામાં આવ્યો છે. રિપોર્ટ અનુસાર, આ કોન્ટ્રાક્ટ હેઠળ પહેલું કન્સાઈનમેન્ટ જાન્યુઆરી ૨૦૨૨માં પાકિસ્તાનને આપવામાં આવ્યું છે.

## અમદાવાદના ગોમતીપુર વિસ્તારમાં SMCના દરોડા, લાખોના મુદ્દામાલ સહિત ૨ની ધરપકડ

અમદાવાદ,

રાજ્યમાં ચોપડાના પાને તો નશીલા પદાર્થોપર પ્રતિબંધ છે. આમ છતા ગુજરાતમાંથી વારંવાર નશાકારક પદાર્થોનો જથ્થો ઝડપાતો રહે છે. આવી જ એક ઘટના અમદાવાદમાં બની છે. અમદાવાદના ગામતીપુર વિસ્તારમાંથી દારુ ઝડપી પાડ્યો છે. દારુ છુપાવવા માટે આરોપીએ બેડરૂમમાં ભોયરૂ બનાવ્યુ હતુ. આ ઉપરાંત આરોપીએ દારુ છુપાવવા માટે રસોડામાં પણ વ્યવસ્થા કરી હતી. SMCએ બાતમીના આધારે આરોપીના ઘરે દરોડા પાડ્યા હતા. અને પોણા પાંચ લાખના મુદ્દા માલ સાથે આરોપીની ધરપકડ કરવામાં આવી છે. તેમજ પોલીસે વધુ તપાસ હાથધરી છે. આ અગાઉ રાજકોટના લોધિકા રોડ પર આવેલી એક દરગાહમાંથી લાખોનો ગાંજો ઝડપાયો હતો. રાજકોટની દરગાહમાંથી ૨૪ કિલો ગાંજાનો જથ્થો ઝડપાયો છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
કે. જી. પરમાર
તરફથી અભીનંદન....
મુ. ભોજપુરા,
તા. ઘોઘંબા,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
આંબાખુટ વીંધ
સ. મં.લી.
તરફથી અભીનંદન....
મુ. આંબાખુટ,
તા. ઘોઘંબા,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
એમ. એસ. પટેલ
તરફથી અભીનંદન....
મુ. ખિલોડી,
તા. ઘોઘંબા,
જી. પંચમહાલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# સંતરામપુરના ગોધરા ભાગોળ વિસ્તારમાં મહિનાથી ખાડો ખોદી મૂકી રાખતાં અકસ્માતનો ભય



સંતરામપુર, પાણી પુરવઠા વિભાગના તંત્રોની આળસ અને પ્રજા માટે જોખમી કારક સંતરામપુર ગોધરા ભાગોળ વિસ્તારમાં ભગવતી હોટલની સામે જ રોડની વચ્ચોવચ પાણીની પાઈપ મરામત કરવા માટે છેલ્લા એક મહિનાથી ખાડો ખોદી નાખવામાં આવેલો હતો, પરંતુ આજે સુધી સતત પાણીનો પ્રવાહ પણ ચાલુ છે અને ખાડો ખોદેલો હોવાના કારણે લોકો માટે અકસ્માતાનો ભય સેવાઈ રહેલો છે. સ્થાનિક લોકો વારંવાર જાણ કરવા છતાંય આજદિન સુધી કામગીરી હાથ ધરવામાં આવતી નથી. અલગ અલગ વિભાગના અધિકારીઓ એકબીજા પર ઢોળે છે, પરંતુ કામગીરી કરવામાં જરાય રસ નથી. અવર નવર રાત્રિના સમયે વીજ પુરવઠો ખોરવાતો હોય છે. ત્યારે અહીંયાથી પસાર થતાં મોટા ભાગના વાહન ચાલકો અને રાહદારીઓ આવા ખાડામાં પડી જવાના કારણે અકસ્માત સર્જાતો હોય છે અને એમ છતાંય પાણી પુરવઠા વિભાગનું પેટનું પાણી હલતું જ નથી અને કામગીરી કરવા તૈયાર જ નથી. આવી પરિસ્થિતિના કારણ નગરજરોમાં ભારે આક્રોશ અને રોષ જોવા મળેલો છે. આવા મેન વિસ્તારમાં આવી ખુલ્લા ખાડા ખોદી રાખીને મૂકી રાખવાનું કારણ પણ જણાતું નથી. આવી નિશ કાળજી તંત્રની બહાર જોવા મળી આવેલી છે. હવે પાણી પુરવઠા વિભાગ પાઈપની મરામત અને ખાડો ક્યારે પૂર્વે નગરમાં ચર્ચા રહેલું છે. આના કારણે પાણી પાઈપ લીકેજ હોવાના કારણે એક મહિનાથી આ પરિસ્થિતિ હોવાથી હજારો લીટર પાણીનો બગાડ થયો છે, તેમ છતાં તંત્ર કેમ ચૂપ છે અને કામગીરી કેમ નથી કરતી? તે અનેક સવાલો ચર્ચા થયેલા છીએ. ચોમાસા દરમિયાનમાં જો મોટી ઘટના બને તો જવાબદાર કોણ તંત્ર ખાડો ના પૂરતા તો લોકોનો બચાવ માટે વેપારીએ પોતાનો ઝેરોક્ષ કોપીનો બોર્ડ મૂકી દીધો. પુરવઠા વિભાગને દયા ના આવી પણ વેપારીને દયા આવતા આવી કામગીરી જોવા મળી.

# નાની કયાર પ્રા.શાળા ખાતે પુસ્તક વિતરણનો કાર્યક્રમ ૨૦૨૩ યોજયો



સંતરામપુર, તા.૨૬-૦૬-૨૦૨૩ નાની કયાર ગામે ઘટલાઈ વર્ગ નાની કયાર પ્રાથમિક શાળામાં અભ્યા કરતા ધો.૧ થી ૮ના વિદ્યાર્થીઓને વિના મુલ્યે પુસ્તક (ચોપડા), નોટ, પેન, પેન્સીલનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રાથિમક શાળામાં અભ્યાસ કરતાં ભુતપૂર્વ વિદ્યાર્થી મિતુલ તાવિયાડ અને નાની કયાર ગામના પ્રથમ શિક્ષક તેમજ ઘટલાઈ વર્ગ પ્રા.શાળાની સ્થાપના કરનાર સોમાભાઈ તાવિયાડના હસ્તે શાળાના બધા જ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકે તેવા આશયથી પુસ્તક-નોટ વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શાળાના આચાર્ય, તમામ સ્ટાફ ગણ, ગામના આગેવાનો હાજર રહ્યા હતા.

# બાલાસીનોર પોલીસ મથકના અપહરણના આરોપીને નેપાલ બોર્ડર પાસેથી ઝડપ્યો

બાલાસીનોર, બાલાસીનોર તાલુકા પોલીસ મથકે અપહરણના ગુન્હામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપીને નેપાળ થી ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ બાલાસીનોર તાલુકા પોલીસ મથકે આરોપી નરેશભાઈ રાજેશભાઈ ઠાકોરો (રહે. ધોળબાઈના મુવાડા-બાલાસીનોર) વિરૂદ્ધ અપહરણનો ગુન્હો ૧૦ જુન ૨૦૨૩ નારોજ નોંધાયેલ આરોપી નાસતો ફરતો



વોન્ટેડ હોય પોલીસે ટેકનીકલ સોશ્યલથી આરોપીને નેપાળ બોર્ડર ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો.



બાબરોલ મુકામે આદિજાતિ વિકાસ અને પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણના કેબિનેટ મંત્રી પ્રો. ડો. કુબેરભાઈ ડીંડોર એ શક્તિ કેન્દ્રનો પ્રવાસ શંકરભાઈ તાવિયાડના નિવાસ સ્થાને કર્યો. આ સાથે તાલુકા મંડળના પ્રમુખ બળવંતભાઈ પટેલીયા, યુવા નેતા સચિનભાઈ શાહ, શંકરભાઈ તાવિયાડ સહિત પાર્ટીના કાર્યકર્તાઓ, હોદ્દેદારો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદ નગરના યુવકનું કરજણ ખાતે માચ્છર પોલીમર્સ કંપનીમાં કરંટ લાગતા કરૂણ મોત

ઝાલોદ, ઝાલોદ નગરના મીઠાચોક વિસ્તારમાં બ્રાહ્મણ સમાજનો યુવક હાર્દિક પાઠક તેની વૃધ્ધ માતા અને પત્ની સાથે રહેતો હતો. પરિવારની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી યુવક હાર્દિક પાઠક રોજગાર માટે કરજણ ખાતે આવેલ માચ્છર પોલીમર્સ કંપનીમાં કામ કરતો હતો. આવક ઓછી હોવા છતાય મૃતક હાર્દિક તેની વૃધ્ધ માતા અને તેની પત્ની તેની આવક માંથી ઘરનું ગુજરાન ચલાવતા હતા અને સુખે થી જીવન જીવતા હતા.



મૃતક યુવક હાર્દિક રોજીંદા ક્રમ પ્રમાણે કરજણ મુકામે જીથરડી રોડ પર આવેલી માચ્છર પોલીમર્સ કંપનીમાં કામ અર્થે ગયેલ હતો. મૃતક હાર્દિક કંપનીમાં ઓપરેટરની નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. મૃતક હાર્દિક તેનાં પરિવારમાં એકલો કમાવી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. મૃતક હાર્દિક રાત્રિની બીજી શિફ્ટમાં નોકરી કરતો હતો. તે દરમ્યાન મશિનનો મોલ બદલતા ગરમીના કારણે ટેબલ પંખા માટે લોખંડનું ટેબલ ખસેડીને લાવતા પંખાનો વાયર કપાઈ જતાં યુવક હાર્દિકને કરંટ લાગ્યો હતો. કંપની દ્વારા તાત્કાલિક સારવાર અર્થે કંપનીના વાહનમાં સરકારી હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. ત્યાં ડોક્ટર દ્વારા યુવકને મૃત જાહેર કરવામાં આવેલ હતું. યુવકનું કરંટ લાગીને મૃત્યુ થતાં કંપનીમા સેફ્ટીના સાધનનો અભાવ હોય તેવું સાંભળવા મળ્યું હતું અને ખુલ્લો વાયર જમીનમાં રહેતા કંપનીના કામદાર યુવકનું મૃત્યુ થતાં તેના પરિવાર જનોની સંપૂર્ણ જવાબદારી કંપની ઉઠાવે તેવી માંગ તેનાં પરિવારજનો દ્વારા કરાઈ રહેલ છે.

યુવક હાર્દિકનું કરંટ લાગતા મૃત થયેલ હોવાના સમાચાર તેનાં પરિવારજનો ને મળતા પરિવાર પર આભ તૂટી પડયું હતું. એક જ પળમાં હસતું રમતું પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયેલ જોવા મળ્યો હતો. આખા ઘર અને પરિવારની રડતી આંખો સુકાતી ન હતી. તેમજ નગરમાં સમાચાર મળતાં જ નગરજનો પણ પરિવારને સાંત્વના આપતા જોવા મળતા હતા. પરિવારનો કમાતો દિકરો તેની વૃદ્ધ માતા અને પત્નીને નિરાધાર છોડી જતાં પરિવારના આગળના જીવનનું શું તેવા અનેક સવાલો ઉભા થયા હતા.

તારીખ ૨૫-૦૬-૨૦૨૩ નારોજ મૃતક હાર્દિક જેની ઉમર ફક્ત ૩૨ વર્ષની હતી તેનું અંતિમયાત્રા સવારે ૯ વાગ્યે તેના નિવાસસ્થાને થી નીકળી હતી. પરિવારના ભારી આક્રંદ થી ઉપસ્થિત સહુ લોકોની સહાનુભૂતિ પરિવાર સાથે જોડાઈ હતી. મૃતક હાર્દિકની અંતિમયાત્રામાં તેની કંપનીના ચાર જવાબદાર અધિકારીઓ પણ આવેલ હતા. ચારે અધિકારીઓને નગરના અગ્રણીઓ અને પરિવારજનો દ્વારા વૃદધ માતા અને તેની પત્નીને કાયમી ભથ્થું તેમજ નિભાવ ખર્ચ મળે તેવી વ્યવસ્થા કંપની કરી આપે તેવી રજૂઆત કરવામાં આવી હતી. કંપની દ્વારા પણ પરિવારજનોને બનતી સહાય જલ્દી મળે તેવા પ્રયાસો કરવામાં આવશે તેવું આશ્વાસન કંપનીના જવાબદાર અધિકારીઓ દ્વારા આપવામાં આવેલ હતી.



લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની કેન્દ્ર સરકારના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૯ વર્ષ પૂર્ણ થવાના અવસરે ઝાલોદ તાલુકાના કચલધરા મુખ્ય પ્રાથમિક, નંદઘર તેમજ કચલધરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સબસેન્ટરની મુલાકાત લીધી.

# આહાર ટ્રસ્ટની ૭૫૦ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય



દે.બારીયા, આહાર ટ્રસ્ટ, દેવગઢ બારીયા દ્વારા બારીયાની છ સરકારી પ્રાથમિક શાળાઓ, મહારાણી કન્યાશાળા, તાલુકા સ્કૂલ, મોતીપુરા પ્રાથમિક શાળા, મેન્દ્રાં પ્રાથમિક શાળા, વેડ વર્ગ જૂના બારીયા પ્રાથમિક શાળા, રૂવાબારી સુથાર ફળિયા પ્રાથમિક શાળા તથા બારિયાના ઝૂંપડપટ્ટીના મળી ૭૫૦ જેટલા વિદ્યાર્થીઓને ધોરણ પ્રમાણે દફ્તર, કંપાસ કીટ, દેશી હિસાબ, ચોકડી વાળી નોટો, ચોકીયા કલર, બોલપેન, પેન્સિલ કલર, કંપાસ અને લીટી વાળા ચોપડા આપવામાં આવ્યા.

# લીમડી પોલીસ સ્ટેશનમાં બકરી ઈદના સંદર્ભમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ



લીમડી, આગામી બકરી ઈદના તહેવાર અનુસંધાને લીમડી પોસ્ટે ખાતે પણ.એસ.આઇ એમ.એફ.ડામોરની અધ્યક્ષતામાં શાંતિ સમિતિની મીટીંગ લેવામાં આવેલ હતી. જેમાં લીમડી વિસ્તારના હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો, આયોજકો, વેપારીઓ મિટિંગમાં હાજર રહેલ. તમામને તહેવાર શાંતિપૂર્ણ માહોલમાં યોજાય અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતી જળવાઈ રહે તે માટે સહકાર આપવા સૂચન કરવામાં આવ્યું. તહેવાર શાંતિપૂર્ણ યોજાય તે સારૂં પોલીસને સંપૂર્ણ સાથ સહકાર આપવા તમામે ખાત્રી આપેલ હતી.

# શ્રી બી.પી.અગ્રવાલ હાઈસ્કૂલ, લીમડી ખાતે આંતરરાષ્ટ્રીય વ્યસન મુક્તિ દિવસની ઉજવણી

લીમડી, તા.૨૬/૦૬/૨૦૨૩, સોમવારના રોજ બી.પી.અગ્રવાલ હાઈસ્કૂલ, લીમડી ખાતે આંતરરાષ્ટ્રીય વ્યસન મુક્તિ દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં શાળાના આચાર્ય ગિરીશભાઈ પટેલ, ઉચ્ચતર માધ્યમિક વિભાગના અંગ્રેજી શિક્ષક જયેશકુમાર વાઘેલા તેમજ માધ્યમિક વિભાગના શિક્ષક એસ.કે.ઝાડ તથા વ્યાયામ શિક્ષક મિતેશભાઈ ભાભોર દ્વારા વ્યસનથી કેન્સર જેવી મહાભયાનક બીમારીનો ભોગ બનવું પડે છે અને



શારીરિક તંદુરસ્તીને હાનિ પહોંચે છે, માટે વ્યસનથી હંમેશા દૂર રહેવું જોઈએ અને સમાજમાં પણ વ્યસન કરનારને વ્યસનથી મુક્ત થવા માટે સલાહ આપવી જોઈએ વિશે વિદ્યાર્થીઓને માહિતી પૂરી પાડી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓ પાસેથી પ્રતિજ્ઞા પણ લેવડાવવામાં આવી હતી કે તેઓ વ્યસન કરશે નહિ અને કરતા હશે તેમને રોકશે.

## અમેરિકા અને ઈજિપ્તથી પરત ફર્યા બાદ પીએમ મોદીએ મહત્વની બેઠક કરી

# ભાજપ સરકાર દ્વારા મણિપુરની પરિસ્થિતિનો સામનો કરવામાં તેની નિષ્ફળતા છુપાવી શકાશે નહીં : કોંગ્રેસ પ્રમુખ ખડગે

નવીદિલ્હી, અમેરિકા અને ઈજિપ્તની તેમની સરકારી મુલાકાત પૂર્ણ કર્યા બાદ રવિવારે રાત્રે દિલ્હી પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે કેબિનેટની બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં અમિત શાહ, નિર્મલા સીતારમણ અને હરદીપ સિંહ પુરી સહિત અનેક કેન્દ્રીય મંત્રીઓએ હાજરી આપી હતી. આ પહેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પીએમ મોદીને મળ્યા હતા અને તેમને મણિપુરના વિકાસની જાણકારી આપી હતી. રવિવારે મુખ્યમંત્રી એન બિરેન સિંહે શાહને રાજ્યની વર્તમાન સ્થિતિ વિશે માહિતી આપી હતી અને કહ્યું હતું કે રાજ્ય અને કેન્દ્ર સરકારો મોટા પ્રમાણમાં હિંસા પર કાબૂ મેળવવામાં સક્ષમ છે.



આ પહેલા પીએમ મોદી અમેરિકા અને ઈજિપ્તની સફળ મુલાકાત બાદ રવિવારે રાત્રે દિલ્હી પહોંચ્યા હતા. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા અને દિલ્હીના તમામ સાંસદોએ પાલમ એરપોર્ટ પર તેમનું સ્વાગત કર્યું હતું. આ દરમિયાન પીએમ મોદીએ નડ્ડાને પૂછ્યું કે દેશમાં શું ચાલી રહ્યું છે, જેના પર નડ્ડાએ કહ્યું કે પાર્ટીના નેતાઓ તેમની સરકારના નવ વર્ષના રિપોર્ટ કાર્ડ સાથે લોકો સુધી પહોંચી રહ્યા છે.

અશ્વિની વૈષ્ણવે કહ્યું કે ભારત હવે એક મહત્વપૂર્ણ ટેક્નોલોજી ભાગીદાર અને વૈશ્વિક ખેલાડી તરીકે જોવામાં આવે છે. મુલાકાત દરમિયાન યુ.એસ. સાથે ૩૫ ઉભરતી ટેક્નોલોજીની ભાગીદારી કરવામાં આવી હતી. ભારત-યુએસ સેમિકન્ડક્ટર માટે ઈકોસિસ્ટમ બનાવશે. જેટ એન્જિનનો સોદો સૌથી મહત્વનો માઈલસ્ટોન છે.

આ પહેલા રવિવારે જ અમિત શાહે દિલ્હીમાં મણિપુરના મુખ્યમંત્રી એન. બિરેન સિંહ સાથે મુલાકાત કરી હતી. મુખ્યમંત્રીએ રાજ્યની સ્થિતિ અંગેનો અહેવાલ ગૃહમંત્રીને પણ સોંપ્યો હતો. એન બિરેન સિંહે અમિત શાહ સાથેની મુલાકાત બાદ પત્રકારોને જણાવ્યું હતું કે હવે સમય આવી ગયો છે કે તમામ નાગરિક સંસ્થાઓ, ધારાસભ્યો અને રાજકીય પક્ષો સાથે બેસીને શાંતિ માટે કામ કરવાના હોય તેવા વિસ્તારોને ઓળખે. શનિવારે ખુદ ગૃહમંત્રી શાહે સર્વપક્ષીય બેઠક કરી હતી. આ બેઠકમાં કુલ ૧૮ પક્ષોએ ભાગ લીધો હતો. આ બેઠકમાં તમામ પક્ષોએ આગ્રહ કર્યો હતો કે કેન્દ્ર સરકારે સમયબદ્ધ એક્શન પ્લાન રજૂ કરવો જોઈએ જેથી કરીને રાજ્યમાં શાંતિ આવી શકે. આ બેઠક બાદ ગૃહમંત્રી શાહે પણ પત્રકારોને જણાવ્યું હતું કે વડાપ્રધાન પહેલા દિવસથી જ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે અને તેમણે સંપૂર્ણ સંવેદનશીલતા સાથે કામ કરવા જણાવ્યું છે.

આ બેઠકમાં અધિકારીઓએ તમામ રાજકીય પક્ષોને જણાવ્યું કે ૩ મેના રોજ ફાટી નીકળેલી હિંસા બાદ શું પગલાં લેવામાં આવ્યા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, હિંસાની પ્રથમ ઘટના બાદથી રાજ્યમાં લગભગ ૩૬,૦૦૦ સુરક્ષાકર્મીઓ તૈનાત કરવામાં આવ્યા છે. કડક બંદોબસ્તના કારણે મણિપુરમાં સ્થિતિ સામાન્ય બની રહી છે. સુરક્ષા દળો તેમની કાર્યવાહી દરમિયાન માનવીય પાસાઓને પણ ધ્યાનમાં રાખી રહ્યા છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સોમવારે મણિપુર હિંસા પર વડા પ્રધાન નરેન્દ્ર મોદીના મૌન પર સવાલ ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે જો તેઓ ખરેખર રાજ્યની ચિંતા કરતા હોય, તો તેમણે પહેલા મુખ્ય પ્રધાન એન બીરેન સિંહને હટાવવા જોઈએ.

ખડગેએ કહ્યું કે ભાજપ સરકાર દ્વારા મણિપુરની પરિસ્થિતિનો સામનો કરવામાં તેની નિષ્ફળતા છુપાવી શકાશે નહીં. તેમણે કહ્યું કે અહેવાલો સૂચવે છે કે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે આખરે મણિપુરની સ્થિતિ પર મોદી સાથે વાત કરી. તેમણે કહ્યું, "છેલ્લા ૫૫ દિવસથી મોદીજીએ મણિપુર પર એક પણ શબ્દ બોલ્યો નથી. દરેક ભારતીય તેમના બોલવાની રાહ જોઈ રહ્યો છે. જો મોદીજીને ખરેખર મણિપુરની ચિંતા છે તો પહેલા તેમણે તેમના મુખ્યમંત્રીને બરતરફ કરવા જોઈએ."

મણિપુરમાં મેઈતેઈ અને કુકી સમુદાયો વચ્ચે વંશીય હિંસામાં અત્યાર સુધીમાં ૧૦૦ થી વધુ લોકોના મોત થયા છે. ખડગેએ કહ્યું, "ભાજપ અને મોદી સરકાર દ્વારા મણિપુર હિંસાનો સામનો કરવામાં તેમની નિષ્ફળતા છુપાવી શકાશે નહીં." કોંગ્રેસ પ્રમુખે એવી પણ માંગ કરી હતી કે સરકાર ઉગ્રવાદી સંગઠનો અને અસામાજિક તત્વો પાસેથી ચોરેલા હથિયારો જપ્ત કરે. હિંસાગ્રસ્ત રાજ્યમાં શાંતિ લાવવા માટે અનેક પગલાઓનું સૂચન કરતાં ખડગેએ કહ્યું કે સરકારે તમામ પક્ષો સાથે વાતચીત શરૂ કરવી જોઈએ અને એક સામાન્ય રાજકીય માર્ગ શોધવો જોઈએ.

કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું, "સુરક્ષા દળોની મદદથી નાકાબંધી ખતમ કરો. રાષ્ટ્રીય ધોરીમાર્ગો ખુલ્લા અને સુરક્ષિત રાખીને આવશ્યક ચીજવસ્તુઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરો. અસરગ્રસ્ત લોકો માટે રાહત, પુનર્વસન અને આજીવિકાનું પેકેજ વિલંબ કર્યા વિના તૈયાર કરવું જોઈએ. સરકાર દ્વારા જાહેર કરાયેલ રાહત પેકેજ સંપૂર્ણપણે અપૂરતું છે.

# આપની આજ.......

મેષ : તમે વ્યવસાયમાં મહત્વાકાંક્ષી યોજના શરૂ કરી શકો છો. તમે ઘરના બાંધકામની જરૂરિયાતનો અનુભવ કરશો. સંબંધીઓ સાથેના સંબંધોમાં સુધાર થશે અને પ્રેમજીવનમાં તમારું માન વધશે.

વૃષભ : વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે કેટલીક સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે, આ માટે તેઓને મોટા લોકોને મળવાનું રહેશે. નાણાકીય રીતે પરિસ્થિતિઓ તણાવપૂર્ણ બની શકે છે, તેથી તમારે ધંધામાં વધુ મહેનત કરવી પડી શકે છે.

મિથુન : આજનો દિવસ મિશ્રિત ફળદાયક રહેશે. વિદ્યાર્થીઓએ વધુ અભ્યાસ કરવાની જરૂર રહેશે. કોઈની સાથે સંઘર્ષને કારણે વર્તનમાં પરિવર્તન લાવવું પડશે. પારિવારિક ખર્ચ અને આર્થિક વ્યવહારમાં પણ ધ્યાન રાખવાની જરૂર છે.

કર્ક : વેપારની સ્થિતિમાં સકારાત્મક પરિવર્તન આવશે. લાંબા સમયથી બંધ રહેલા માલના વેચાણમાં અચાનક ઉછાળો આવશે. દાંપત્ય જીવનમાં તમને પૂર્ણ સહયોગ અને વિશ્વાસનો અનુભવ થશે.

સિંહ : ઘરમાં કોઈ સભ્યને કારણે સામાજીક માન ગુમાવવાની સંભાવના છે. પ્રિયજનો સાથે મુલાકાત થશે અને ખર્ચા પૂરા થશે. સાંજનો સમય લોકોની અપેક્ષાઓને પૂર્ણ કરવામાં પસાર થશે.

કન્યા : ધંધાને કારણે પરિવારને સમય આપી શકતા નથી, જેના કારણે મન ઉદાસ થઈ જશે. દિવસની શરૂઆતથી જ તમે કોઈ મહત્વપૂર્ણ કામના જોડાણમાં વ્યસ્ત રહેશો, ક્યાંક પ્રવાસ પણ થઈ શકે છે.

તુલા : તમારું કાર્યક્ષેત્રમાં માન રહેશે અને એક પછી એક કામનું નિરાકરણ લાવશો. મુસાફરી કરવાનું ટાળો નહીં તો આરોગ્ય ખરાબ થઈ શકે છે. સમય પ્રમાણે ધંધામાં ભાગદોડી કરીને તમે પ્રગતિ કરશો.

વૃશ્ચિક : કાર્યક્ષેત્ર માટે આજનો સમય લાભકારક છે, તમે કુશળતા અને વર્તનથી બધું મેળવી શકો છો. સખત મહેનત બાદ જટિલતાનો અંત આવશે. પરંતુ વધારે ઉત્સાહને લીધે કામ બગડે છે, તે ધ્યાનમાં રાખો.

ધનુ : આ દિવસે તમારો સ્વભાવ ખૂબ જીદ્દી રહેશે. ઘરના સભ્યો પ્રત્યે વર્તનમાં કડવાશ હોઈ શકે છે પરંતુ વિરોધીઓ પ્રત્યે નરમ રહેશો. આ કાર્યુસ્થળ અથવા સામાજિક સ્તરે પણ નુકસાન પહોંચાડી શકે છે.

મકર : આજે તમારા વિચારો ઘણા દિવસો પછી બીજા લોકો સાથે મેળ ખાશે. મહત્વપૂર્ણ વ્યવસાય સંબંધિત ડીલમાં તમને સફળતા મળશે. વિદેશી સંબંધિત ધંધામાં પણ સફળતા મળશે.

કુંભ : આજે કાર્યક્ષેત્રમાં ટૂંકા સમયમાં આશાસ્પદ લાભ મળી શકે છે, પરંતુ આ માટે મનને કામ તરફ વાળવું પડશે. પરિશ્રમ પછી ઈચ્છિત લાભ થશે. સહજતાથી બધાં કામ સમયસર થતાં જોવા મળશે. સારા દિવસોનો સંયોગ મનને આનંદ આપશે.

મીન : વેપાર વર્ગ કરતાં વેપારીઓ માટે દિવસ વધુ આનંદપ્રદ રહેશે. આખો દિવસ મનોરંજનની તકો પણ સરળતા સાથે મળશે, પરંતુ કોઈ કારણોસર મન પણ ભયભીત રહેશે. વેપારી વર્ગ બપોર સુધી ધંધામાં વ્યસ્ત રહેશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદના કતવારાના સ્થાનિક સ્વૈચ્છિક દબાણો દુર કરવાની કામગીરી કરી

દાહોદ,

દાહોદ તાલુકાના કતવારામાં વહીવટી તંત્રની સૂચના બાદ સ્થાનિકો સ્વૈચ્છિક દબાણ દૂર કરવાની કામગીરીમાં જોતરાયા હતાં. અગાઉ ખરેડી ગામે વહીવટી તંત્ર દ્વારા મોટા ભાગે પાકા દબાણો દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

દાહોદમાં સ્માર્ટ સિટી અંતર્ગત રસ્તા પહોળા કરવાની કામગીરી માટે ગત મહિને વહીવટી તંત્ર દ્વારા દાહોદમાં મેગા ડીમોલીશન હાથ ધરી ગેરકાયદેસર દબાણો ઉપર બુલડોઝર દ્વારા સફાયો કરવામાં આવ્યો હતો. જોકે, આ દબાણ હટાવ કામગીરી કેટલા દિવસ ચાલશે અને હજી કેટલું દબાણ કયા વિસ્તારોમાં તૂટશે તે અંગેની અટકળો છેલ્લા ઘણા દિવસોથી ચાલી રહી હતી. આ તમામ અટકળોની વચ્ચે તંત્ર દ્વારા સરકારી પડતર જમીન ઉપર ઉભા થયેલા દબાણો દૂર કરવાનો અભિયાન હાથ ધર્યો હતો. જે અંતર્ગત બે દિવસ અગાઉ વહીવટી તંત્રની ટીમે દાહોદ તાલુકાના ખરેડી ગામે વડલી ચોકમાં ધામા નાખ્યા હતા અને બુલડોઝર તેમજ હિટાચી મશીનો દ્વારા ગેરકાયદેસર દબાણો જમીન દોસ્ત કરી દેવામાં આવ્યા હતા. તો ગઈકાલે વહીવટી તંત્રના સંબંધિત અધિકારીઓ દાહોદ તાલુકાના કતવારા મુકામે પહોંચ્યા હતા અને સરકારી પડતર જમીનમાં દબાણો કરનાર દબાણકર્તાઓને બે દિવસમાં સ્વેચ્છાએ દબાણ દૂર કરવા માટે મૌખિક આદેશો આપ્યા હતા જો બે દિવસમાં સરકારી પડતર જમીન ઉપર ઉભેલા દબાણો દૂર કરવામાં નહીં આવશે. તો તંત્ર દ્વારા સોમવારે તમામ સરંજામ સાથે દબાણ હટાવવાની કવાયત હાથ ધરવામાં આવશે તેમ જણાવ્યું હતું. જે બાદ કતવારાના સરપંચ દ્વારા દુકાનદારો તેમજ મિલકતદારોને દબાણો દૂર કરવા અંગે સૂચનાઓ આપતા કતવારા ગામમાં લોકોએ સ્વૈચ્છિક રસ્તામાં અવરોધરૂપ પતરાના સેડ જુકાટો, લારીગલ્લા કાચાપાકા કેબીનો, ખસેડવાની કામગીરી હાથ ધરી હતી. જોકે, વહીવટી તંત્રની ટીમ દ્વારા કતવારા ગામમાં કેટલું દબાણ દૂર કરશે તે હાલ કહેવું અતિશયોક્તિ ભર્યું છે.








તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

# દે.બારીઆના ચોકડી ફાટક ફળીયામાં મકાન પાછળ ઝાડી ઝાંખરામાં કત્તલ કરવા બંધાયેલા ૪૦ ગૌવંશ મુકત કરાવાયા

દાહોદ,

દાહોદ જીલ્લાની દેવગઢ બારીઆ પોલીસે દેવગઢ બારીઆ ચોકડી ફાટક ફળિયામાં બે રહેણાક મકાનો તથા તે મકાનોની પાછળ આવેલ ગાંડા બાવળકોના ઝાડી ઝાંખરાઓમાં ઓચિંતો છાપો મારી ઘાસચારો અને પાણીની સગવડ રાખ્યા વગર કતલ કરવા માટે ટુંકા દોરડા વડે અત્યંત કુરતા પૂર્વક મુશ્કેટાટ બાંધી રાખેલ ગાયો, બળદો તેમજ વાછરડા મળી રૂા. ૫,૧૫,૦૦૦ની કિંમતના ૪૦ જેટલા ગૌવંશને પકડી પાડી મુક્ત કરાવી નજીકની પાંજરાપોળમાં મોકલી આપ્યાનું જાણવા મળ્યું છે.



દેવગઢ બારીઆ નગરના કાપડી ફાટક ફળિયામાં રહેતા હુસેનભાઈ ક્યુમભાઈ સુકલા તથા સીરાજભાઈ અયુબભાઈ ભીખા એમ બંને જણાના મકાનોમાં તેમજ તે બંનેના મકાનની પાછળ આવેલ ગાંડા બાવળના ઝાડી ઝાંખરામાં કતલ કરવા માટે ૨૦૦ જેટલા ગૌવંશને ઘાસચારો તથા પાણીની સગવડ રાખ્યા વગર ટુંકા દોરડા વડે અત્યંત કુરતા પૂર્વક મુશ્કેટાટ બાંધી રાખ્યા હોવાની બાતમી દેવગઢ બારીઆ પોલીસને મળી હતી. જે બાતમીના આધારે દે.બારીયા પી.એસ.આઈ સી.આર. દેસાઈ તથા તેમના સ્ટાફના પોલીસ કર્મીઓની ટીમે ગઈકાલે સાંજે પોણા સાત વાગ્યાના સુમારે બાતમીવાળી જગ્યાએ ઓચિંતો છાપો માર્યો હતો અને બાતમીવાળા ઉપરોક્ત બંને મકાનો તથા તે મકાનોની પાછળ ગાંડા બાવળના ઝાડી ઝાંખરામાંથી ઘાસ ચારા–પાણીની સગવડ રાખ્યા વિના ટુંકા દોરડા વડે અત્યંત કુરતા પૂર્વક બાંધી રાખેલ રૂા.૩,૭૫૦૦૦ની કુલ કિંમતની સફેદ, લાલ, કાળા કલરની ગાયો નંગ–૨૫, રૂા.૯૦,૦૦૦ની કુલ કિંમતના સફેદ–લાલ–કાળા બળદો નંગ–૯, રૂા.૪૦,૦૦૦ની કિંમતના સફેદ લાલ કલરના વાછરડા નંગ–૪ તથા રૂા.૧૦,૦૦૦ની કુલ કિંમતની સફેદ–લાલ વાછરડી નંગ–૨ મળી કુલ રૂપિયા ૫,૧૫૦૦૦ની કુલ કિંમતના ગૌવંશ નંગ–૪૦ પકડી પાડી કબજે લઈ નજીકની પાંજરા પોળમાં મોકલી આપ્યા હતા. પોલીસના છાપા સમયે ઉપરોક્ત બને મકાનમાલિકો ઘરે હાજર ન હોવાથી પોલીસ તેમની ધરપકડ કરી શકી ન હતી.

આ સંબંધે દેવગઢ બારીઆ પોલીસે દેવગઢ બારીઆ કાપડી ફાટક ફળિયામાં રહેતા હુસેનભાઈ ક્યુમભાઈ સુકલા તથા સિરાજભાઈ ઐયુબભાઈ ભીખા વિરૂધ્ધ પશુ પ્રત્યે ઘાતકીપણુ અટકાવવાનો ધારો ૧૯૬૦ની કલમ ૧૧(૧)(ડી) (ઈ)(એફ)(એચ) તથા ધી ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિમિયન ૨૦૧૭ની કલમ ૫(૧) (૧–એ) (એ), ૬ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ફતેપુરા તાલુકામાં પીએમ આવાસ કૌભાંડમાં કરારી કર્મચારી સસ્પેન્ડ, પરંતુ મોટા માથાંને કોણે બચાવ્યા ?

ફતેપુરા,

ફતેપુરા તાલુકામાં બહુ ચર્ચિત પીએમ આવાસ કૌભાંડમાં ખૂબ વિલંબથી કાર્યવાહી હાથ ઉપર લીધી છે. જોકે, તેમાં મોટી માછલીઓ બચી ગઈ અથવા બચાવી લેવામાં આવી. જ્યારે કરાર આધારિત કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સમગ્ર કૌભાંડમાં માત્ર નાના અને પાયાના કર્મચારીઓની જવાબદારી નક્કી કરાઈ પરંતુ હાઈ લેવલના અધિકારી અથવા પદાધિકારીઓની જવાબદારી કેમ નહિ તે સૌથી મોટો સવાલ બન્યો છે. યોજનાની અમલવારીમાં આખી પેનલ આવતી હોવા છતાં મોટા માથાંઓ કેમ બચી ગયા અથવા કોણે બચાવી લીધા તે વિષય ફતેપુરા જ નહિ સમગ્ર દાહોદ જીલ્લામાં ચર્ચાનો વિષય બનતો જાય છે.

દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકાના સાગડાપાડા સહિતના અનેક ગામોમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળની કામગીરી થઈ હતી, પરંતુ કેટલાક બોગસ લાભાર્થીઓને પણ સહાય ચૂકવી દેવામાં આવી હતી. જેની વારંવારની રજૂઆતો અને તપાસની ગતિવિધિને અંતે મામલો ગાંધીનગર સુધી પહોંચ્યો હતો.

આ દરમ્યાન ગુજરાત મિત્ર ના સમાચાર દ્વારા અહેવાલ પણ પ્રસિદ્ધ થયો હતો. જેમાં સાચા લાભાર્થીની જગ્યાએ ખોટા અને બનાવટી લાભાર્થીઓના બેંક ખાતામાં સહાયની રકમ ચૂકવી દેવામાં આવી હતી. આથી હવે રહી રહીને દાહોદ જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીએ કરાર આધારિત વિસ્તરણ અધિકારી પ્રવિણ બારીયા, ગ્રામ સેવક મીનાબેન બામણિયા અને કોમ્પ્યુટર ઓપરેટરના દિલીપ મુનિયાને સસ્પેન્ડ કર્યા છે. જોકે, યોજનાની અમલવારીમાં આવતાં મોટા ગજાના કોણે અને કેમ બચાવી લીધા તે સવાલ પણ ચોંકાવનારો બન્યો છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, સ્થાનિક જાગૃત નાગરિકે સમગ્ર કૌભાંડ મામલે સ્થાનિક પોલીસ સ્ટેશને અને ડીઆરડીએને પુરાવા સાથે રજૂઆત કરી ધોરણસરની ફરિયાદ અરજી આપી હતી. આમ છતાં જવાબદારો વિરૂદ્ધ કોઈ જ ફોજદારી કાર્યવાહી થઈ નથી આટલુ જ નહિ, એક એવી ચર્ચા પણ ફેલાઈ છે કે, મોટાં માથાંઓ છેક ગાંધીનગર સુધી પહોંચ લગાવી ફરીયાદ ના થાય તેવી મહેનત છેલ્લા કેટલાય સમયથી કરી રહ્યા છે. હકીકતમાં કૌભાંડ પેપર ઉપર એટલું સચોટ આવી ગયું છે કે, જો ધોરણસરની ફરિયાદ દાખલ થાય તો અનેક કસૂરવારો વિરૂદ્ધ મોટી કાર્યવાહી થાય તેમ છે. પોલીસ મથકે આ બાબતની ફરિયાદ થાય તો એવા પણ કેટલાક મોટા માથાઓ આવે તેમ છે કે, એનાથી હડકંપ પણ મચી શકે છે.

# દે.બારીઆમાં વરસાદી પાણીથી ગટરો ઉભરાતા પ્રિ-મોન્સુનની પોલ ખુલી

દે.બારીઆ,

દે.બારીઆ પાલિકા વિસ્તારમાં કયાંક કયાંક પાણીની પાઈપલાઈન રિપેરીંગ માટે ખોદવામાં આવેલ ગટરમાં પાણી ભરાઈ જતા કામગીરી આજે ઠપ્પ થઈ ગઈ હતી. ભુગર્ભ ગટરોમાં પણ વરસાદી પાણી ભરાઈ જતા કયાંક કયાંક ગટરોના ઢાંકણા ચાલુ વરસાદમાં ખોલવાની જરૂરી પડી હતી.

દે.બારીઆ પાલિકાના જવાબદાર અધિકારી અને કર્મચારીઓ દ્વારા હજુ ઉનાળો પુરો નહિ થયો હોય તેવુ માની પ્રિ–મોન્સુન કામગીરી કરવામાં વિલંબ થતાં ચોમાસુ વરસાદના પહેલા વરસાદમાં પાલિકાની પોલ ખુલી ગઈ હતી. બજાર વિસ્તારના કેટલાય ભાગોમાં પાણીનો નિકાલ નહિ થતાં ગંદકી અને કચરાના પણ ઢગ રોડ સાઈડમાં જામી ગયા હતા. દે.બારીઆના ટાવરથી પીપલોદ તરફ જતા સ્ટેટ હાઈવે રોડ પર પડેલા ખાડા હજુ પણ દુરસ્ત નહિ થતાં વરસાદના પાણીમાં રોડ ઉપરના ખાબોચિયા પાણીથી ભરાઈ જતા બાઈક ચાલકોને હાડમારીનો સામનો કરવુ પડ્યુ હતુ. બસ સ્ટેન્ડ વિસ્તારના ધર્મશાળા રોડ, સમડી સર્કલ રોડ, સરકારી દવાખાના આગળ, તાલુકા પંચાયત જવાના રોડ ઉપર જયાં જુઓ ત્યાં પાણી જોવા મળ્યુ હતુ.

# દે.બારીઆના હિંદોલીયા ગામની યુવતીએ ઝેરી દવા પી આપઘાત કર્યો

પીપલોદ,

દે.બારીઆ તાલુકાના પીપલોદ પાસે આવેલ હિંદોલીયા ગામની યુવતીએ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લઈ આત્મહત્યા કરી લીધી હોવાનો બનાવ પીપલોદ પોલીસ મથકે નોંધાવવા પામ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીઆ તાલુકાના હિંદોલીયા ગામના મોટા ફળિયામાં રહેતા ગણપત સાવજી જાતે ભીલની ૨૧ વર્ષિય દિકરી ખેતરમાં ડોળીઓ વીણવા માટે ગઈ હતી. અને બાદમાં જાણવા મળેલ કે જંગલ વિસ્તારમાં મહુડાના ઝાડ નીચે કોઈ એક છોકરી સુતેલી જોવા મળી છે. આ વાત જણાતા ઘરના સભ્યો તરત જ પોતાના ખેતર પાસે આવેલ મહુડાના ઝાડ નીચે પહોંચીને જોતા કોઈ ઝેરી જંતુનાશક દવા પી મોત વ્હાલુ કરનાર દિકરીને જોતા મા–બાપના પગ તળેથી ધરતી ખસી ગઈ હતી. બનાવ અંગે યુવતીના પિતા ગણપત સવજી ભીલ નાએ પીપલોદ પોલીસ મથકમાં જાણવાજોગ જાહેરાત આપતા પોલીસે લાશનુ પંચનામુ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# મોન્સુન-૨૩ અંતર્ગત આગોતરા આયોજનને લઈ દાહોદ જીલ્લા વહીવટી તંત્ર સજ્જ

દાહોદ,

જીલ્લામાં અવાર નવાર અલગ અલગ પ્રકારના આપત્તિ દર વર્ષે આવતી હોઈ છે. આ આપત્તિનો સામનો કરવા માટે જીલ્લા વહીવટી તંત્ર સજ્જ છે. આફત પેહલા થતી કામગીરી,આફત દરમ્યાન કરવાની થતી કામગીરી અને અને આફત બાદ કરવાની થતી કામગીરી માટે જીલ્લા વહીવટી તંત્ર સજ્જ છે.

દાહોદ જીલ્લા કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી દ્વારા મોન્સુન–૨૩ આગોતરા આયોજનને લઈ જીલ્લા વહીવટી તંત્ર સજ્જ. પૂર, વાવાઝોડું, ભારે વરસાદ વગેરેની પૂર્વ તૈયારી સાથે આગોતરૂં આયોજન હોય તે અનિવાર્ય છે. જીલ્લામાં કુલ ૯ જેટલા તાલુકા છે અને દરેક તાલુકાઓમાં કંટ્રોલ રૂમ કાર્યરત છે.

ચોમાસા દરમિયાન શહેરમાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે જંતુનાશક દવાઓનો છંટકાવ નિયમિત થાય અને રોગચાળો ન ફેલાઈ તે બાબતે તકેદારી રાખવા સૂચના આપી હતી અને નીચાણવાળા વિસ્તારમાં પાણી ન ભરાય તેની તકેદારી રાખવામાં આવી છે.

આપત્તિ વ્યવસ્થાપન અંતર્ગત જીલ્લા વહીવટી તંત્ર બચાવના દરેક સાધનો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે અને સાથે પાણીજન્ય રોગો અટકાવવા માટે પણ તકેદારી રાખવા જણાવ્યું હતું.ચોમાસાના પગલે નબળા રસ્તા, પુલ, નાળાનું ચેકિંગ હાથ ધરવા, વીજ વાયરો અને લાઈનની ચકાસણી સહિતના મુદ્દાઓને લઈ સંબંધિત અધિકારીઓ જણાવવામાં આવ્યું છે.

આપત્તિ વ્યવસ્થાપન પ્લાન મુજબ તાલુકા/ગ્રામ્ય વિસ્તારોમાં ચોમાસાના કારણે જાન–માલનું નુકસાન અટકાવવા આગોતરી તૈયારીઓ પૂર્ણ કરવા,ચોમાસામાં જીલ્લાના જે ગામોમાં પાણી ભરાતું હોય ત્યાં તકેદારી લેવામાં આવે તે બાબતે કાળજી લેવા સંબંધિત અધિકારીઓને જણાવ્યું હતુ. ઉપરાંત તમામ પ્રકારના આંકડાઓ જીલ્લા કલેકટર કચેરી ખાતેના કંટ્રોલરૂમ સુધી સમયસર પહોંચે તે બાબતે પણ સંબંધિત અધિકારીઓને વિશેષ કાળજી લેવા સૂચના આપી હતી.

# દાહોદ જિલ્લામાં જન સંપર્ક અભિયાનના અંતિમ તબક્કા ચિલાકોટામાં યોજાયું મહિલા સંમેલન અને ઘર ઘર સંપર્ક



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

સમગ્ર ભારતમાં સંપર્ક થી સમર્થન અને જન સંપર્ક અભિયાન, ઘર ઘર સંપર્ક કાર્યક્રમો મોદી સરકારના ૯ વર્ષ પૂર્ણ થવાની ઉજાણીના ભાગરૂપે સમગ દેશમાં ભારતીય જનતા પાર્ટી ઉજવી રહી છે. ત્યારે દાહોદ જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા યોજાતા કાર્યક્રમો અંતર્ગત આજે લીમખેડા વિધાનસભામાં આવેલ ચિલાકોટા ગામે મુખ્ય શાળામાં તમામ બુથોની મહિલાઓનું સંમેલન દાહોદના સાંસદ જસવંતસિંહ ભાભોરની ઉપસ્થિતિમાં તેમના અધ્યક્ષ સ્થાને યોજાયું હતું.

આ મહિલા સંમેલનમાં સાંસદ જસવંતસિંહ દ્વારા મહિલાઓ સાથે મોદી સરકારની વિવિધ યોજનાઓની ચર્ચા કરી હતી અને આ યોજનાઓનો લાભ બધાને મળે છે કે, કેમ તે બાબતે પૂછતા મહિલાઓ એ જણાવ્યું હતું કે, દરેક યોજનાઓના લાભ પુરે પુરો મળે છે અને અમે સરકારના કામ થી ખુશ છીએ અને ત્યાર બાદ સાંસદ જસવંતસિંહ અને સરપંચ જિલ્લા સભ્ય સાથે કોટવાળ ફળિયા અને ડામોર ફળિયામાં ઘર ઘર સંપર્ક કર્યો હતો અને ૯ વર્ષના વિકાસ કર્યો અંગે માહિતી પુસ્તિકાનું વિતરણ કર્યું હતું.

# સુરતમાં ૪ વર્ષીય આદિવાસી બાળકી ઉપર દુષ્કર્મની ઘટનામાં દાહોદ બીટીપી પાર્ટી દ્વારા કલેકટરને આવેદન આપ્યું

દાહોદ,

સુરતમાં ૪ વર્ષીય આદિવાસી દીકરી ઉપર દુષ્કર્મની ઘટનામાં આરોપીને ફાંસીની સજાની માંગ સાથે મુખ્યમંત્રીને સંબોધતું એક આવેદનપત્ર દાહોદની બીટીપી પાર્ટી દ્વારા દાહોદ જીલ્લા કલેક્ટરને આપવામાં આવ્યું હતું.



દાહોદ જીલ્લા કલેક્ટરને બીટીપી પાર્ટીએ આપેલા આવેદન પત્રમાં જણાવ્યા અનુસાર ગત દિવસો દરમિયાન ગુજરાતના સુરત શહેરના ઈચ્છાપોર વિસ્તારમાં માધ્યપ્રદેશનો આદિવાસી ગરીબ પરિવાર પોતાના પેટનું રૈંટિયું રળવા માટે મજૂરી કામ અર્થે આવ્યો હતો. જેમાં તે ગરીબ આદિવાસી પરિવારની ૪ વર્ષીય બાળકીનું રાત્રીના સમયે અજાણ્યા નરાધમે અપહરણ કરી અવાવરી ઝાડી–ઝાંખરાવાળી જગ્યા ઉપર લઈ જઈ અને હવસના ભૂખ્યા નરાધમે તે ૪ વર્ષીય બાળકીને પોતાની હવસનો શિકાર બનાવ્યો હતો અને માસુમ દીકરી જોડે ક્રૂરતાથી દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હતું અને તે બાળકીની હત્યા પણ કરવાની કોશિષ નરાધમ દ્વારા કરવામાં આવી હતી અને જયારે લોહી લુહાણ હાલતમાં બાળકી પોતાના માતા–પિતા પાસે રડતી રડતી આવતા મીઠી નીંદર માણતા તેના માતા–પિતા ઉઠ્યાં હતા અને રાત્રીના ૨ વાગ્યાના સમયે તે બાળકીના પિતાએ સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાઈ હતી અને બાળકીને ટ્રોમાં સેન્ટરમાં દાખલ કરવામાં આવી હતી. બાળકીની હાલત દેખી તબીબો પણ અંચબામાં પડી ગયા હતા. તબીબોના પણ હૃદય કાંપી ઉઠ્યાં હતા અને તબીબોએ પોલીસને જાણ કરી હતી અને પોલીસનો કાફલો સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો અને અજાણ્યા નરાધમની પોલીસ તપાસ કરી રહી છે. લાચાર બાળકીનો પિતા તેની દીકરી બચશે કે નહિ તેની ચિંતા કરી રહ્યો છે. ત્યારે ગુજરાતમાં અવાર નવાર આવી ઘટનાઓ બને છે. તેને લઈને આવી ઘટનાઓ બનતી અટકે તે માટે અને આવા નરાધમોને ફાંસીની સજા મળે તે માટે દાહોદ બીટીપી દ્વારા મુખ્યમંત્રીને સંબોધતુ આવેદન જીલ્લા કલેકટરને આપી અને આવા નરાધમોને પકડી ફાંસીની સજા અપાય તેવી માંગ સાથે આવેદન પત્ર સુપ્રત કરાયું હતું.

# સીંગવડના સીંગાપુર ગામે મકાઈ ઓરવાની કામગીરી વખતે સાળા-બનેવીમાં ઝગડો થતા બનેવી ધારીયાના ઘા મારી હત્યા કરી

દાહોદ,

દાહોદ જીલ્લાના સીંગવડ તાલુકાના સીંગાપુર ગામે ખેતરમાં મકાઈ ઓરવાની કામગીરી વેળાએ સાળા અને બનેવીમાં ઝઘડો તકરાર થતાં ઉશ્કેરાયેલ સાળાએ બનેવીને ધારીયાના ઘા ગળાના ભાગે મારી ઘટના સ્થળ પર મોતને ઘાટ ઉતારી દેતાં પંથકમાં ચકચાર સાથે ખળભળાટ મચી જવા પામ્યો હતો. ત્યારે આ સંબંધે પોલીસે હત્યારાના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

સીંગવડ તાલુકાના સીંગાપુર ગામે તળાવ ફળિયામાં રહેતાં પ્રતાપભાઈ ધનાભાઈ બારીયા તથા તેમના પરિવારજનો આજરોજ તારીખ ૨૫મી જુનના રોજ પોતાના ખેતરમાં મકાઈ ઓરવાની કામગીરી કરી રહ્યાં હતા. તે સમયે ત્યાં ગામમાં રહેતાં પ્રતાપભાઈનો સાળો નાયકાભાઈ સોનાભાઈ બારીઆ પોતાના હાથમાં ધારીયુ લઈ આવ્યો હતો અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તમો બધા બૈરા સાથે મકાઈ ઓરો છો, મારે કોની સાથે લઈને ઓરવાનું, મારી ઘરવાળીને મારા ઘરે લઈ આવો તેમ કહેતાં નાયકાભાઈના બનેવી પ્રતાપભાઈએ તેને પોતાની પાસે બોલાવ્યો હતો અને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. નાયકાભાઈ અને પ્રતાપભાઈ વચ્ચે બોલાચાલી થતાં એકદમ ઉશ્કેરાયેલ નાયકાભાઈએ પોતાના બનેવી પ્રતાપભાઈને ગળાના ભાગે ધારીયાનો ઘા મારતાં પ્રતાપભાઈ લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યાં હતાં અને પ્રતાપભાઈનું ઘટના સ્થળ પર મોત નીપજાવી નાયકાભાઈ સોનાભાઈ બારીયા ફરાર થઈ ગયો હતો.

આ સંબંધે સીંગાપુર ગામે તળાવ ફળિયામાં રહેતાં મહેશભાઈ જયંતિભાઈ બારીયાએ રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ફતેપુરાના ભીચોર ગામે ભાણાસીમલ પાઈપલાઈનમાં ભંગાણ સર્જાયુ

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના ભીચોર ગામે ભાણા સીમળની પાઈપલાઈન તુટી જતા હજારો લીટર પાણી ખેતરોમાં વહી જવા પામ્યુ હતુ. તાત્કાલિક અસરથી પાણીની પાઈપલાઈનમમાં રિપેર કરી પાણી બંધ કરાય તે અત્યંત જરૂરી છે.

ફતેપુરા તાલુકાના ભીચોર ગામે હનુમાનજી મંદિર ફળિયામાંથી પસાર થતી ભાણાસીમલની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાયુ છે. પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા પીવાનુ પાણી ખેતરોમાં વહી રહ્યુ હતુ. જેને લઈને ખેતરો પાણીથી તરબોળ થયા હતા. પાણીની પાઈપલાઈન તુટતા ગામના જાગૃત નાગરિકો સુભાષ પારગી, ચેતન પારગી, રાજુ બારીયા, કૌશિકભાઈ દ્વારા પાણીની પાઈપલાઈન રિપેર કરાવવા માટે અધિકારીઓને જાણ કરવામાં આવી છે. પરંતુ પાણીની પાઈપલાઈન રિપેર ન કરાતા પાણીની વેડફાટ થઈ રહ્યો છે. પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ દ્વારા તાત્કાલિક અસરથી આ લાઈનનુ રિપેરીંગ કામ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.261

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## પંચમહાલ જીલ્લાના વિંઝોલ ખાતે

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીનો ચોથો પદવીદાન સમારોહ પૂ.મોરારીબાપુની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો









**- સત્ય,અહિંસા, પ્રેમ, ત્યાગ, કરૂણા, નિપુણતા, નિર્ભયતા જેવા ગુણો અપનાવવા અને પરોપકારી બનીને જીવન જીવવા પૂજ્ય બાપુએ યુવાઓને કરી હાંકલ.**

**- મહાનુભાવોના હસ્તે ૪૪ ગોલ્ડ મેડલ અને ૪૦૭૬ વિદ્યાર્થીઓને પદવી અને પ્રમાણપત્ર કરાયા એનાયત.**

ગોધરા,

વિશ્વ વંદનીય પરમ પૂજયસંત મોરારી બાપુની અધ્યક્ષતામાં અને કેબિનેટ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોર, રાજય મંત્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયા અને મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતીમાં પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકાના વિંઝોલ ખાતે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીનો ચોથો પદવીદાન તથા સુવર્ણચંદ્રક એનાયત સમારોહ યોજાયો હતો.

આ પ્રસંગે શ્રી મોરારી બાપુએ તેજ અને ત્યાગની પંચમહાલની તપોભૂમિને પ્રણામ કરી, તૈતરી ઉપનિષદ, ભગવદ્ ગીતા, વૈદિક પરંપરાનુ વર્ણન કરી, રામાયણ કાળના વસિષ્ઠ ગુરૂકૂળ, જયાં રામ-લક્ષ્મણ ભણતા હતા તેનું મહત્વ વિદ્યાર્થી યુવામિત્રોને સમજાવ્યુ હતું.

તેમણે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના ગુણની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, આ ભૂમિ ફળદ્રુપ છે. અહીં વાડ, જમીન, ખાતર, બિયારણ, સિંચાઈ બધું બરાબર છે, પણ આ વિદ્યાર્થીરૂપી ફસલને કોઈ બહારના તીડ આવીને નષ્ટ ન કરે એ પણ એટલું જ જરૂરી છે.

બાપુએ વિદ્યાર્થીઓને દયા, દાન, વિદ્યા જેટલું વાપરીએ એટલું વધે એમ જણાવી ઉમેર્યું હતું કે, નદી પોતે પાણી પીતી નથી, વૃક્ષો પોતે ફળ ખાતા નથી, એ રીતે ડિગ્રી મેળવ્યા બાદનું તમારૂં જીવન બીજાના પરોપકાર માટેનું હોવું જોઈએ. તેમણે વિદ્યાર્થીઓને પાંચ ગુણો પોતાના જીવનમાં ઉતારવાનું આહ્વાન કર્યુ હતું. વિદ્યા, વિનય, નિપુણતાની સાથે સત્ય, પ્રેમ, કરૂણા, અહિંસા જેવા સારા ગુણ અપનાવવા અનુરોધ કર્યો હતો. જેટલુ તમારા જીવનમાં સત્ય વધુ એટલો યુવાન વધુ નિર્ભય. વિનય વગરની વિદ્યા તે વાંઝ ગણાય. ભયભીત માણસ કયારેય શાંત ન હોઈ શકે. નિર્ભય માણસના જીવનમાં જ શાંતિ હોય, કર્મકુશળતા માણસમાં હોય તો તે વધુ સાત્વિક અને શિસ્તબદ્ધ હોય. વિદ્વતા ગમે તેટલી હોય પણ શિવ તત્વ ન હોય તો બધુ નક્કામું છે. યુવાનો પાસે પ્રબળ સંકલ્પ શક્તિ હોય છે. જેની પાસે પ્રબળ સંકલ્પ શક્તિ હોય એ કદી વૃદ્ધ ના થાય. શિવ મોટી સંપદા છે, વિદ્યાર્થી ડિગ્રી પ્રાપ્ત કરે એ પર્યાપ્ત નથી. તેમનામાં સારી વૃત્તિઓનું સર્જન થવું જોઈએ. અહીં યુનિવર્સિટીથી બહાર જયાંથી જ્ઞાન મળે એ લઈ લો. ખોટા તત્વો શિક્ષણ સંસ્થામાં આવે તે ઈચ્છનીય નથી. અહીં તૈયાર થયેલા વિદ્યાર્થીઓ નષ્ટ ન થાય એ જરૂરી છે. હનુમાનજી આ ભૂમિના સંરક્ષક બને એવી પ્રાર્થના કરૂં છું. તેમણે યુવાનોને તેમની ડિગ્રી બીજાના સુખ માટે વપરાય એ માટે ખાસ શીખ આપી હતી. તેમણે ઉપસ્થિત વિદ્યાર્થીઓની સ્વયંશિસ્ત અને શાંતિ જોઈને પ્રસન્નતા વ્યક્ત કરી હતી અને જણાવ્યું હતું કે, આટલી શાંતિ એ દેશ માટે શુકનની ઘડી છે. આ માટે કુલપતિને અભિનંદન આપ્યા હતા.

આ તકે અતિથિ વિશેષ પદેથી પ્રાથમિક-માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ વિભાગ તેમજ આદિજાતિ વિકાસ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરે શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પરિશ્રમ કરીને આગળ વધવા અનુરોધ કર્યો હતો.

કુબેરભાઈ ડીંડોરે વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિ અને તેના મૂલ્યોની જાળવણી કરવાની શીખ આપતા જણાવ્યું હતું કે, સતત શીખતા રહે, વિકસતા રહે એ આગળ વધે છે. જેમ જ્ઞાનના પ્રકાશથી કળી ખીલે છે એનો પ્રકાશ ખીલશે ત્યારે શિક્ષણની સુવાસ સમાજને આપતા રહેજો, કોઈ ફૂલ પોતાના માટે સુગંધ રાખતું નથી. વિદ્યાર્થીઓને તેમની જ્ઞાન અને કૌશલ્યનો ઉપયોગશકિતનો વ્યકિત નિર્માણ, પરિવાર નિર્માણ, સમાજ નિર્માણ અને રાષ્ટ્ર નિર્માણમાં કરવા આહ્વાન કર્યુ હતું.

મંત્રીએ પંચમહાલ, દાહોદ અને મહીસાગરની ધરતી ઉપર અંગ્રેજો થાણાં સ્થાપી શક્યા નહોતા એ માટે ગોવિંદગુરૂના કાર્યોને અને ઈતિહાસને યાદ કર્યો હતો. મરો તો દેશ માટે, જીવો તો ગામ માટે એ સુત્ર આપનાર ગોવિંદ ગુરૂના ગુણોને પણ યાદ કર્યા હતા.

આ સમારોહમાં રાજયકક્ષાના ઉચ્ચશિક્ષણ મંત્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયાએ વિદ્યાર્થીઓને ગીતાના શ્લોકનો ઉલ્લેખ કરી, પ્રામાણિકતા તેમજ મૂલ્યનિષ્ઠાથી જે નોકરી મળી છે તેનો ઉપયોગ સમાજ માટે કરવા અનુરોધ કર્યો હતો. નાનામાં નાની કીડી મરે નહીં એવા અહિંસા ધર્મ, દયા પ્રેમ, કરૂણા થકી અંત્યોદય લોકો માટે કામ કરવાનીએ પ્રેરણા ડિગ્રીધારકોને આપી હતી. તેમણે યુવાનોને વ્યસનમાં ન સપડાય અને અહીંના આજના વિદ્યાર્થી ઉપર ભવિષ્યમાં કોઈ બીજો વિદ્યાર્થી નાટક લખે કે પીએચ.ડી. કરે એવું જીવન જીવવા આહ્વાન કર્યું હતું.

વિવિધ મહાનુભવોના હસ્તે આ દિક્ષાંત સમારોહમાં ૪૪ વિદ્યાર્થીઓ વિદ્યાર્થીઓની સુવર્ણચંદ્રક અને ૪૦૭૬ને પદવી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં વિનયન, શિક્ષણ, વિજ્ઞાન, કાયદા, તબીબી, વાણિજ્ય, આર્કિટેક્ચર એમ વિવિધ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓનો સમાવેશ થયો હતો.

સ્વાગત પ્રવચનમાં શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટીના કુલપતિ પ્રતાપસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, આ યુનિવર્સિટી શરૂ થઈ ત્યારે ૯૧ કોલેજ અને ૬૭૦૦૦ વિદ્યાર્થીઓ હતા. આજે ૨૭૦ કોલેજો અને મહીસાગર, બરોડા ગ્રામ્ય, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુરના પાંચ જીલ્લાની દોઢ લાખથી વધુ વિદ્યાર્થીઓ અહીં વિવિધ વિદ્યાશાખાનું શિક્ષણ મેળવી રહ્યા છે.

૧,૨૦,૦૦૦ સ્કેવેર ફીટમાં શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટી ફેલાયેલ છે. ૨૦૦ વિદ્યાર્થી રિસર્ચ કરીને સરકારમાંથી ચાર લાખ રૂપિયાની સ્કોલરશીપ મેળવી રહ્યા છે. ૮૫૦ વિદ્યાર્થી પીએચ.ડી. કરી રહ્યા છે. ૩૦૦૦ વિદ્યાર્થી ઈનડોરગેમ રમી શકે એવું સ્ટેડિયમ તૈયાર થઈ રહ્યુ છે.

પૂજ્ય મોરારી બાપુના હસ્તે યુનિવર્સિટીના સંકુલમાં તૈયાર થયેલી નવી કેંટીનનું ઈ-લોકાર્પણ કરાયું હતું. તેમજ યુનિવર્સિટીનું નવું એન્થમ પણ લોંચ કરાયું હતું.

આ દિક્ષાંત સમારોહમાં વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ આહિર, સાંસદ રતનસિંહ રાઠોડ, ધારાસભ્યો જયદ્રથસિંહ પરમાર, નિમિષાબેન સુથાર, સી.કે. રાઉલજી, જીલ્લા પંચાયત પ્રમુખ, પંચમહાલ જીલ્લાના કલેકટર આશિષકુમાર, ડીડીઓ ડી.કે.બારિયા તેમજ વિવિધ પદાધિકારીઓ, યુનિવર્સિટીના ડીન, પ્રાધ્યાપકો, વાલીઓ, વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## વેજલપુર મુસ્લિમ સમાજ દ્વારા લેખિત ફરિયાદ : સોશિયલ મીડિયામાં મુસ્લિમ સમાજની લાગણી દુભાય એવી પોસ્ટ વાયરલ કરતા તેઓ સામે કાયદેસર કાર્યવાહી કરવા માંગ



વેજલપુર,

એક તરફ આગામી દિવસોમાં તહેવારોને ધ્યાનમાં લઈ વેજલપુર પોલીસ દ્વારા વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે બન્ને સમાજના અગ્રણીઓ સાથે શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી હતી. તો બીજી તરફ સોશિયલ મીડિયામાં કટ્ટર હિંદુત્વ નામે મેસેજ વાયરલ કરી મુસ્લિમ સમાજને ટાર્ગેટ કરવા એટલા ખરાબ હદ સુધીનો મેસેજ વાયરલ કરતા મુસ્લિમ સમાજની લાગણી દુભાવવાનું કૃત્ય એક વ્યક્તિ દ્વારા કરવામાં આવ્યું છે. ત્યારે બેઢિયા ગામના વ્યકિતઓ (૧)સુનિલ ચૌહાણ કિંગ ઓફ બેઢિયા (૨) માફિયા ગુંડા ૪૬૯૧ (૩) કિંગ ઓફ બાપુ કિશન (૪) અશ્વિન બાપુ ૦૦૭ નામની આઈ.ડી.વાળા લોકોએ ટેક કરતા કાલોલ તાલુકાના વેજલપુર ગામના મુસ્લિમ આગેવાનો તેમજ મુસ્લિમ સમાજના લોકો મોટી સંખ્યામાં મોડી રાત્રે વેજલપુર પોલીસ સ્ટેશનમાં પહોંચ્યા હતા અને મુસ્લિમ સમાજની લાગણી દુભાય તેવી પોસ્ટ સોશિયલ મીડિયામાં વાયરલ થયેલ હોવાથી મુસ્લિમ સમાજ દ્વારા તે અંગે વેજલપુર પોલીસ સ્ટેશનમાં લેખિત તેમજ શાંતિ થી મૌખિક રજુઆત કરી હતી અને તેઓ સામે કાયદેસર કાર્યવાહીની માંગ કરી હતી. જેથી વેજલપુર પોલીસ સ્ટેશન પીએસઆઈ કામોલ દ્વારા રજુઆત સાંભળી હતી અને મુસ્લિમ સમાજના અગ્રણીઓને આશ્વાસન આપીયું હતું કે પોલીસ આ અંગેની કાર્યવાહી કરી રહી છે અને કોઈપણ સમાજની લાગણી ન દુભાય અને ગામમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને ગામમાં શાંતિનો માહોલ બની રહે તેવા પ્રયત્નો કરી રહયા છે, તેવું જણાવ્યું હતું અને આગળ તપાસ કરી યોગ્ય પગલાં લેવાની ખાતરી આપી હતી. ત્યારે મુસ્લિમ સમાજના અગ્રણીઓની માંગ છે કે, તમામ સામે કાર્યવાહી કરવામાં આવે અને એફઆઈઆર નોંધવામાં આવે જેથી ફરીવાર આવું કૃત્ય કરવામાં ન આવે અને કોઈની લાગણી ન દુભાય તેવી માંગ કરવામાં આવી છે.

## પંચમહાલ જીલ્લાના પાંચ તાલુકામાં વરસાદી માહોલ વચ્ચે સામાન્ય વરસાદ નોંધાયો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં વાદળછાયા વાતાવરણ વચ્ચે મોરવા(હ), ગોધરા, કાલોલ અને ઘોઘંબા તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં વરસાદી માહોલ જામ્યો. દિવસ દરમિયાન વાદળછાયા વાતાવરણ વચ્ચે છુટો છવાયો વરસાદ નોંધાવા પામ્યો છે. જેમાં ગોધરા, મોરવા(હ), કાલોલ, ઘોઘંબા અને જાંબુઘોડા તાલુકામાં ધીમીધારે વરસાદ પડયો હતો. દિવસ દરમિયાન વાદળછાયા વાતાવરણ અને સામાન્ય વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. ધીમી ધારે ચોમાસાની સીજનની શરૂઆત થતાં ધરતી પુત્રો આનંદ સાથે ખેતી કામમાં જોતરાયેલ જોવા મળ્યા.

**પંચમહાલ જીલ્લામાં ૨૬ જુનનો નોંધાયેલ વરસાદ**

ગોધરા - ૩ મી.મી.
મોરવા(હ) - ૬ મી.મી.
કાલોલ - ૯ મી.મી.
ઘોઘંબા - ૧૦ મી.મી.
જાંબુઘોડા - ૮ મી.મી.

## દામનપુરા અને ચાંદાપુરીમાં ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં ઘર ઘર સંપર્ક અભિયાન


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના દામનપુરા અને ચાંદાપુરી ગામે આજરોજ કાલોલ ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં ઘર ઘર સંપર્ક અભિયાન અંતર્ગત ગામના વરિષ્ઠ નાગરિકોની મુલાકાત લીધી હતી.

કાલોલ વિધાનસભાના ૧૨૭ માં આવતા દામનપુરા અને ચાંદાપુરી ગામની કાલોલના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણને મુલાકાત લીધી હતી. ઝરમર વરસાદમાં પણ ગામની ગલીએ ગલીએ પગપાળા ફરી દરેક ઘરની મુલાકાત લઈ મોદી સરકારે કરેલા વિકાસના કામોનું સાહિત્ય આપી ઘર ઘર સંપર્ક અભિયાનને વેગવંતુ બનાવી વિકાસના કાર્યની ચર્ચા કરી લોકોને ભાજપને મત આપવાની હાકલ કરી હતી.

આજના ઘરઘર સંપર્ક પ્રસંગે ધારાસભ્ય સાથે યુવા મોરચા પ્રમુખ નરેન્દ્ર પરમાર સહિતના ભાજપના કાર્યકરો હોદ્દેદારો મોટી સંખ્યામાં જોડાયા હતા.

## હાલોલ-પાવાગઢ રોડ પર ટ્રાન્સફોર્મર પાસે બે ગાયોને કરંટ લાગતા મોત

હાલોલ,

હાલોલના પાવાગઢ રોડ પર એક હોટલ નજીક આવેલી લાઈટની ડી.પી.પાસેથી પસાર થતી એક ગાયને વીજ કરંટ લાગતા ગાયનુ ઘટના સ્થળે મોત નીપજયું હતુ. આ સમયે બીજી ગાય આવતા તેને પણ કરંટ લાગતા તેનુ પણ ઘટના સ્થળે મોત નીપજયું હતુ. બનાવને લઈ વીજ કંપનીની બેદરકારીને કારણે તેઓ ઉપર ફિટકાર વરસાવી રહ્યા હતા.

પાવાગઢ રોડ ઉપર વીજ કંપનીની લાઈટની ડી.પી.પાસે ગાય તેનો ખોરાક શોધતી હતી ત્યારે વીજ કરંટ લાગતા ગાયનુ ઘટના સ્થળે મોત નીપજયું હતુ. આ બનાવને જોઈ રાહદારીઓ તેમજ આજુબાજુના લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને બનાવ અંગે જાણ વીજ કંપનીને કરી હતી પરંતુ વીજ કંપનીના કર્મચારીઓ બનાવ સ્થળે આવે તે પહેલા જ આ ગાયની સાથે ફરતી બીજી ગાય તે ગાયની પાસે દોડી આવી જતા તે ગાયને પણ વીજ કરંટ લાગતા તેનુ પણ ઘટના સ્થળે મોત નીપજયું હતુ. ઘટના સ્થળે વીજ કંપનીના કર્મચારીઓ દોડી આવ્યા ત્યારે વીજ પ્રવાહ ચાલુ હતો તે બંધ કરી દેવામાં આવ્યો હતો.

## દે.બારીયા નગર પાલિકાના દ્વારા પાણીની મેન પાઈપ લાઈન નાખવાથી માર્ગ અને મકાન વિભાગના રોડ બિસ્માર બન્યો


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દે.બારીયા શહેર માંથી પસાર થતો માર્ગ અને મકાન વિભાગનો મુખ્ય રોડ જેનો ઉપયોગ પાવાગઢના દર્શન અર્થે જતા યાત્રાળુઓ આ મુખ્ય માર્ગનો ઉપયોગ કરતા હોય છે. માતા કાલીકાના દર્શન માટે જતા પાવાગઢ જતા યાત્રાળુઓ માટે આવનારા દિવસોમાં એટલે જુલાઈ ૨૦૨૩ના મધ્યમાં પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થવા જાય છે. તેવા સમયે દે.બારીયા શહેર માંથી પસાર થતો મુખ્ય માર્ગ ઉપર પાણીની મેઈન મોટી પાઈપ નાખવાના કારણે મસમોટા ખાડા થઈ ગયા છે અને તેના ઉપર ગયા શનિવારના રાત્રે વરસાદી પાણીએ પણ છ કલાકમાં ચાર ઈંચ જેટલો વરસાદ ખાબક્તા ખાડામાં પાણી કે પછી પાણીમાં ખાડા છે. વાહન ચાલકો માટે આ રોડ ઉપરથી પસાર થવા માટે પારાવાર મુશ્કેલીઓનો સામનો થઈ રહ્યો છે. આ પાઈપ લાઈન બિછાવનાર એજન્સીઓ કાર્ય કરાવનાર કોન્ટ્રાક્ટરે કોઈપણ જાતની પુરાણ કરવા માટે અને મસમોટા ખાડાનું પુરણ કરવા માટે તસ્દી લીધી નથી. તો મસમોટા ખાડાઓનું પુરણ કરાશે કે પછી ૬૦ અને ૪૦નો ખેલખેલમાં આમ જનતા પીસાતી રહેશે તેવું રંધાતું રહ્યું છે. આ માર્ગ ઉપરથી પવિત્ર શ્રાવણ માસ અગાઉ આ બિસ્માર થયેલા અથવા જે એજન્સીના દ્વારા કાર્ય કર્યો તેના દ્વારા આ માથાના દુઃખાવા સમાન શ્રધ્ધાળુઓ માટે ના બની જાય તે પહેલા આ માર્ગનું સમારકાર્ય કરવા માટે તજવીજ હાથ કોણ ધરશે ? મા અને મ વિભાગ કે પછી નગર પાલિકાને જે તે એજન્સી તે આવનારો સમય બતાવશે.

## હાલોલના સાથરોટા ગામે જમીન માલિકની જાણ બહાર ખેતર ખેડાણ કરી કબ્જો કરી લેતાં ફરિયાદ

હાલોલ,

હાલોલ તાલુકાના સાથરોટા ગામે આવેલ રે.સ.નં. ૪૧૦/૧, ૪૧૦/૨, ૪૧૧/૧ વાળી જમીન ફરિયાદી વારસાઈમાં આવેલ હોય આ જમીન કોઈને ખેડવા આપી ન હોય છતાં આરોપીએ પોતાની મરજીની ખેડાણ કરી જમીનમાં કબ્જો કરી લેતાં આ બાબતે હાલોલ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના સાથરોટા ગામે ફરિયાદી માયાબેન જીવણલાલ ઠક્કરની દિકરી તથા દિલીપભાઈ છોટાલાલ ઠક્કરની રે.સ.નં.૪૧૦/૧, ૪૧૦/૨, ૪૧૧/૧ વાળી જમીન ૦,૮૭,૦૧ હે. આર.ચો.મી.વાળી જમીન દાદા સતુલાલ, હરગોદનદાસ ઠક્કરની જમીન વારસાઈમાં આપેલ હતી. જે જમીનમાં ૭/૧૧ અને ૮(અ) માં માલિક તરીકે માયાબેન ઠક્કરનું નામ ચાલતું હોય અને આ જમીન કોઈને ખેડવા જણાવેલ ન હોવા છતાં આરોપી બીપીનભાઈ સોમાભાઈ સોલંકીએ મરજીથી ખેડાણ કરી ખેતી કરી જમીન ઉપર ગેરકાયદેસર જમીનમાં કબ્જો કરી જમીન પચાવી પાડી ગુન્હા કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.

## પાનમ ડેમમાં નવા નીર આવતા ૦.૪૫ સે.મી.પાણીનો વધારો નોંધાયો

શહેરા,

પંચમહાલ જિલ્લાના જીવાદોરી સમાન ગણાતા પાનમ ડેમમાં નવા નીરના પાણીની આવક થતાં પાનમ ડેમની જળ સપાટીમાં ૦.૪૫ સે.મી.નો વધારો થયો હતો. છેલ્લા ૨૪ કલાક દરમિયાન પાનમ ડેમમાં ૧૧૮,૭૧૧ કયુસેક પાણીની આવક નોંધાઈ હતી.

ચોમાસાના પહેલા વરસાદમાં જિલ્લાના જીવાદોરી સમાન પાનમ ડેમમાં પાણીની આવક થતાં ખેડુતોના ખુશીની લાગણી છવાઈ હતી. શનિવારે વહેલી સવારથી પંચમહાલ જિલ્લા સહિત આસપાસના વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો હતો. જેને લઈને જિલ્લામાં આવેલ નદી-નાળામાં નવા નીરની આવક થવાની સાથે કેટલાક ચેકડેમ ઓવરફલો થયા હતા ત્યારે પંચમહાલ જિલ્લા સહિત ઉપરવાસમાં વરસેલા સારા વરસાદને લઈ પાનમ નદીમાં નવા નીરની આવક થતાં જિલ્લાના જીવાદોરી સમાન ગણાતા પાનમ ડેમમાં પણ નવા નીરના પાણીની આવક થઈ હતી. ઉપરવાસમાં સારો વરસાદ થતાં પાનમ ડેમમાં ૨૧૬૫ કયુસેક પાણીની આવક નોંધાઈ હતી. જયારે છેલ્લા ૨૪ કલાક દરમિયાન પાનમ ડેમમાં ૧૧૮,૭૧૧ કયુસેક પાણીની આવક નોંધાતા ડેમની જળસપાટીમાં ૦.૪૫ સે.મી.નો વધારો થયો હતો. હાલ પાનમ ડેમની જળસપાટી ૧૧૯.૭૦ મીટરે પહોંચી છે. જયારે ડેમની ભયજનક સપાટી ૧૨૭.૪૧ મીટર છે. જોકે ચોમાસના પહેલા વરસાદમાં પાનમ ડેમમાં પાણીની આવક થતાં ખેડુતોમાં ખુશીની લાગણી છવાઈ જવા પામી છે.

## શહેરાના નવા રેણા ગામે ખેતર કેમ ખેડો છો તેમ કહી મહિલાને મારમારતાં ફરિયાદ

શહેરા,

શહેરા તાલુકાના નવા રેણા ગામે આરોપીઓએ ફરિયાદીને ખેતરમાં ખેડવા માટે પંચોને સર્વે કર્યા પછી ખેડાણ કરીશું ત્યારે જમીનમાં કેમ ખેડો છો તેમ કહી મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરા તાલુકાના નવા રેણા ગામે રહેતા આરોપીઓ પ્રવિણભાઈ રયજીભાઈ પટેલ, રમેશભાઈ પટેલ, સરોજબેન રમેશભાઈ પટેલ, ઉર્મીલાબેન પટેલ એ અમીતકુમાર પટેલના ભાભી એ ખેતરમાં ખેડવા માટે પંચોને જણાવેલ કે સર્વે કર્યા પછી ખેડાણ કરીશું ત્યારે અત્યારે જમીન કેમ ખેડો છો તેમ કહી ઉશ્કેરાઈ જઈ ગડદાપાટુનો મારમારી તેમજ મહિલાઓએ વાળ પકડી મુઠ મારમારી ગડદાપાટુનો મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.

## કાલોલના બાકરોલ ગામે કરાડ નદીમાં નવુ પાણી આવતા કેમિકલના ફીણ ઉભરાતા જોવા મળ્યા

કાલોલ,

કાલોલ તાલુકાના બાકરોલ ગામના સીમાડે વહેતી કરાડ નદીમાં તાજેતરમાં વરસેલા વ્યાપક વરસાદને પગલે બાકરોલ ગામના કોઝવે પાસે નદી પટમાં કેમિકલ ફીણના ગોટેગોટા ઉભરાયા હતા.

બાકરોલ ગામ વિસ્તારમાં આવેલી આ કરાડ નદીના પટ વિસ્તારમાં પાછલા ૧૦/૧૨ વર્ષથી દર વર્ષે આ સમસ્યા વકરતી જાય છે. દર વર્ષે સ્થાનિક પંચાયત દ્વારા પ્રદુષણ નિયંત્રણ વિભાગને રજુઆત કરાય છે. દર વર્ષે તંત્ર દ્વારા ફીણયુકત પાણીના સેમ્પલો લેવાય છે. પરંતુ નદીમાં પાણી વહી જાય છે એમ તંત્રની કાર્યવાહીના દિવસો પણ વિતી જાય છે. પરંતુ નદી પટ અને પર્યાવરણને દર વર્ષે નુકસાન કરતી મુળ સમસ્યાના નિવારણ માટે તંત્રના પેટનુ પાણી પણ હાલતુ નથી. બાકરોલ ગામની કરાડ નદી પટમાં ઉપરના ભાગમાં ભુવરનુ નાળુ ઠલવાય છે. નાળામાં હાલોલ જી.આઈ.ડી.સી.માં આવેલી અનેકવિધ પ્લાસ્ટિક અને કેમિકલ પદાર્થોથી કંપનીઓ દ્વારા તેમના કેમિકલ્સ વેસ્ટ ઠાલવવામાં આવે છે. જે નાળા મારફતે સમગ્ર કેમિકલ વેસ્ટ કરાડ નદીમા ઠલવાય છે. જેને પરિણામે દર વર્ષે ચોમાસા દરમિયાન નદીમાં ફીણના ગોટાઓ સર્જાય છે. જેના કારણે નદી પટના સમગ્ર ભુસ્તર વિસ્તારના કુવા અને બોરના પાણી પણ પ્રદુષિત થતાં હોવાની સમસ્યા વકરતી જાય છે. જે અંગે જવાબદાર તંત્રને અસરગ્રસ્ત ગામલોકો દ્વારા અનેક રજુઆતો કરી છે. તેમ છતાં આ ભુવરનાળા મારફતે કેમિકલ વેસ્ટ નદી પટમાં ઠાલવતી કંપનીઓને શોધવામાં અને શોધીને જવાબદાર કંપનીઓ સામે અસરકારક પગલા લેવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે. જોકે પાછલા દસ-પંદર વર્ષથી નદીમાં કેમિકલ વેસ્ટ ઠાલવતી કંપનીઓ સામે અસરકારક કાર્યવાહી કરવા અંગે તંત્રના ઠાગાઠૈયા સામે અસરગ્રસ્ત લોકોએ ભારે રોષ વ્યકત કરી તંત્રની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા હતા.